સુવિચાર
માણસાઈનું એક પગથીયું પણ ચડાતું નથી અને છતાં માણસ માનતા ડુંગર ચડવાની રાખે છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૮/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
બનાના મસાલા વેફર
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૧૫ વર્ષ : ૧૬ અંક : ૨૦૫

## રાત્રિનાં સમયે શહેરમાં બહાર નીકળવું મુશ્કેલ બન્યુ

# અમરેલીનાં જાહેર માર્ગ ઉપર સ્ટ્રીટલાઈટ સતત બંધ

ચિતલ રોડ, લાઠી રોડ ઉપર સતત ટ્રાફિક છતાં અનેક દિવસોથી લાઈટ બંધ

બંને માર્ગ ઉપર સીસી રોડનું કામ શરૂ થયું હોય એકમાર્ગીય માર્ગ ઉપર વાહનોની ભીડ

પાલિકાનાં નવનિયુક્ત ચીફ ઓફિસર પણ બંધ લાઈટ શરૂ કરાવતા નથી

વિકાસની દિવસ-રાત ગુલબાંગો ફેંકતા સત્તા પક્ષનાં આગેવાનોને અમરેલીની વેદના સમજાતી નથી



અમરેલી, તા. ૮
અમરેલીએ જિલ્લાનુ મુખ્યમથક છે અને પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધી ભાજપનુ એકચક્રી શાસન છતાં પણ શહેરીજનોને રાત્રિના સમયે ઉબડ–ખાબડ માર્ગ, અંધારપટ અને રખડત શ્વાન, આખલા વચ્ચેથી પસાર થવા મજબુર બન્યા છે. અમરેલીની ધરતી ઉપરથી જાહેર જીવન શરૂ કરનાર અનેક આમ કાર્યકર આજે મોટુ નામ ધરાવી રહયા છે રાજયની લઈને કેન્દ્ર સરકાર સુધી જેમની પહોંચ છે તેવા એકપણ રાજકીય પક્ષનાં આગેવાન શહેરીજનોની વિવિધ સમસ્યા દુર કરવાનુ તો દુર રહયુ તે અંગે કોઈ વિચાર પણ કરતા નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

## વર્ષો સુધી આંદોલન, રજૂઆતો અને લડત આપવા છતાં

# અમરેલીમાં આઝાદીના ૭૮ વર્ષ પછી પણ બ્રોડગેજ રેલ્વે નથી

ભારત દેશમાં જિલ્લા કક્ષાનું રેલ્વે વિહોણું આ પ્રથમ શહેર હશે



અમરેલી, ૮
વર્ષોસુધીસતતઆંદોલન, રજૂઆતો અને લડત આપવા છતાં પણ જિલ્લા મથક અમરેલીમાં રેલવેની સમસ્યાઓ આઝાદી સમય પહેલા જેવી

અનુસંધાન પાના ૬ ઉપર

## રોમિયોગીરી અટકાવવા માટે

# બગસરામાં મેઘાણી હાઈસ્કૂલ, કોલેજ રોડ અને બસ સ્ટેન્ડ રોડ ઉપર બંદોબસ્ત જાળવો

‘‘આપ’’નાં અગ્રણી સતાસિયાની રજૂઆત

અમરેલી, તા. ૮
બગસરા આમ આદમી પાર્ટીનાં નેતા કાંતિલાલ સતાસિયાએ પોલીસઅધિક્ષકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બગસરામાંકોલેજરોડઉપરધાણકકોલેજ અનેમેઘાણીહાઈસ્કૂલઆવેલહોય.શાળા–કોલેજમાં મોટી સંખ્યામાં દીકરીઓ અભ્યાસ કરતી હોય. શાળાએ જવા અને છુટવાના સમયે બગસરા તેમજ



આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી રોમીયોગીરીકરતાયુવાનોઆંટાફેરાકરતા હોયતેમજશહેરનાએસ.ટી.બસસ્ટેશનમાં પણ લુખ્ખાઓનો જમાવડો હોય. ત્યારે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી દીકરીઓઅભ્યાસકરવામાટેઅપડાઉન કરે છે તો તે સમય દરમ્યાન રોમીયોગીરી કરતાંશખ્સોથીદીકરીઓભયઅનુભવેછે. તો આ સમયે પોલીસ મુકવા અને પોલીસ પેટ્રોલીંગવધારવાઅંતમાંમાંગકરેલછે.

## નવા કપાસની આવકનાં પ્રથમ દિવસે રેકર્ડબ્રેક ભાવ

# ભૈ વાહ : અમરેલીની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં નવી સિઝનમાં કપાસનો ભાવ રૂપિયા ૫૨૦૨

વાવડી ગામ (રામબાપુ)નાં ખેડૂતે ઉમિયા ટ્રેડીંગને કપાસનું કર્યુ વેચાણ



અમરેલી, તા. ૮
અમરેલીમાંસાવરકુંડલારોડ પરબનેલશ્રીસરદારવલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, નવા માર્કેટયાર્ડમાં તા. ૮/૮/૨૫ને શુક્રવારનાં રોજસિઝનનાંનવાકપાસનીઆવકશરૂ થઈ હતી. જેમાં બચુભાઈ રાણીંગભાઈ વાળા રે. વાવડી (રામબાપુ) ગામનાંખેડૂત દુધાત ટ્રેડર્સની દલાલીમાં કપાસ લઈ આવેલહતા. જેનવાકપાસનીખરીદીશ્રી ઉમીયાટ્રેડીંગધ્વારાકરવામાંઆવીહતી અને નવા કપાસનો હરરાજીમાં પ્રથમ મુર્હુતનોસૌથીઉંચોભાવરૂા.,૨૦૨ખેડૂતને મળેલહતો. આમમાર્કેટયાર્ડઅમરેલીખાતે નવા કપાસની આવક શરૂ થઈ ગયેલ છે અનેખેડૂતોનેતેનાભાવોપણસારામળેછે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવ્યુંહતું.

## વતન આસામ જવા માટે ટિકિટ ન મળતાં

# બાબરાની જીઆઈડીસીમાં રહેતા શ્રમિકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

લોખંડનાં પાઈપ સાથે દોરી બાંધી આત્મહત્યા કરી

અમરેલી, તા. ૮
આસામના વતની આનેવાલા હાલ બાબરા ગામે નીલવડા રોડ ઉપર આવેલ જી.આઈ.ડી.સી. નં.–૨ માં આવેલ ખેડુત એગ્રીટેક કોટન પ્રોસેસ મીલમાં રહેતા અને મજુરીકામ કરતાં નઈદાભાઈ રમણીભાઈ રોય

અનુસંધાન પાના ૬ ઉપર

Hero
વિશ્વાસનું આ બંધન
આ રક્ષાબંધન પર ઘરે લઈ આવો હીરોનું નવું સ્કૂટર

Pleasure+ ₹3000 Cash Discount
XOOM ₹3000 Cash Discount
Destini ₹3000 Exchange Offer
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૮/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઇન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૮૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

### બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર દ્વારા

# અમરેલી : સિવિલ સર્વિસ જેવી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ માટે પ્રથમવાર ફ્રી માર્ગદર્શન સેમીનાર યોજાશે

## આવતીકાલ ૧૦ ઓગષ્ટને રવિવારે સેમિનાર યોજાશે

અમરેલી, તા. ૮

આજના યુવા વિદ્યાર્થીઓ અને માતા–પિતાઓમાં યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. જેવા ઉચ્ચ સ્તરની સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જાગૃતિ વધતી જાય છે. એનું કારણ છે. દેશમાં સેવા કરવાની તીવ્ર ઈચ્છા અને સમૃધ્ધ કારકિર્દીનું સ્વપ્ન, વિદ્યાર્થી સ્કૂલમાં કોલેજમાં અભ્યાસ કરે કે પછી નોકરીમાં હોય, જો યોગ્ય દિશામાં માર્ગદર્શન મળે તો સફળતા મેળવવી અશકય નથી. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી દ્વારા અમરેલી શહેરમાં ફ્રી યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. માર્ગદર્શન સેમિનારનું આયોજન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, પ્રમુખ વાટિકા, ગાંધીબાગ પાછળ, અમરેલી મુકામે ૧૦ ઓગસ્ટ, રવિવારે સાંજે ૫:૩૦ વાગ્યે રાખેલ છેઉ

આ સેમિનારમાં દેશની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ વિશે મૂળ ભૂત સમજ, તૈયારીની પધ્ધતિ, ટાઈમ મેનેજમેન્ટ અને સફળતા માટેનું ઊંડાણ પૂર્વક માર્ગદર્શન દિલ્હીના નિષ્ણાંત મેન્ટર તેમજ પ્રમુખ એકેડમીના સંચાલકો દ્વારા આપવામાં આવશે. સાથે પ્રશ્નોતરી દ્વારા શ્રોતાઓની જિજ્ઞાસા સંતોષવામાં આવશે.

નિઃશુલ્ક આ સેમિનાર માટે કોઈપણ પ્રકારની ફી લાગુ પડતી નથી. આ સંદર્ભે શહેરના દરેક યુવા, વાલીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉત્સાહી વ્યકિતઓને વિશેષ રીતે ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવાયું છે.

### માર્ગ–મકાન વિભાગને ભ્રષ્ટાચાર કરવાની આદત છુટતી નથી

# તોબા તોબા : કુંકાવાવથી પીઠડીયા ચોકડી સુધીનો માર્ગ માત્ર ૨ મહિનામાં બિસ્માર બનતા વાહનચાલકોમાં રોષ

## સરકાર કાંઈ કરશે નહી તેવો આશાવાદ હોવાથી ભ્રષ્ટાચાર બંધ થતો નથી



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૮

કુંકાવાવથી પીઠડીયા ચોકડી સુધીના નવા બનેલા રોડ પર અનેક જગ્યાએ ખાડા પડતા તંત્ર દ્વારા પેચ કરવામાં આવતા વાહન ચાલકો નવા બનેલા રોડમાં થીંગડાના વીડિયો બનાવી વાઈરલ કરીને ભ્રષ્ટાચારની પોલ ખોલી રહ્યા છે. બે માસ પહેલા બગસરાથી કુંકાવાવ સુધીનો નવો રોડ બનાવવામાં આવેલ જેમાં રોડ ઉપર પાલીસ પણ કરવામાં આવ્યું નથી. જયારે કરોડોનાં ખર્ચે બનેલ નવાં રોડ પર થોડાં દિવસોમાં કોન્ટ્રાકટર દ્વારા ખાડાને થીંગડા મારવામાં આવતા લોકો નવા રોડની ગુણવતા પર સવાલ ઉઠાવી રહ્યા છે. જયારે બે માસમાં જ ખાડા પડવાનું શરૂ થયું છે. તો આ રોડ કેટલાક વર્ષ ટકશે તેવા તેઓ સવાલ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. પંદર વર્ષ બાદ નવો રોડ બન્યો તે પણ આવી હલકી ગુણવતાવાળો આ બાબતે જવાબદારો સામે પગલાં ભરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

### તિરંગામય બનશે અમરેલી : રાષ્ટ્રપ્રેમ થશે ઉજાગર

# અમરેલી શહેરમાં મુખ્ય માર્ગો પર ૧૨મી ઓગષ્ટે નીકળશે તિરંગા યાત્રા

## પદાધિકારી–અધિકારી, વિદ્યાર્થીઓ, નાગરિકો સહિત સૌ કોઈ જોડાશે

અમરેલી, તા.૮

અમરેલી શહેરમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્વે તા.૧૨ ઓગસ્ટના રોજ જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા યોજાશે.

જેમાં પદાધિકારી – અધિકારી, પોલીસ અને હોમગાર્ડ જવાનો, ઘોડેસવારો, વિદ્યાર્થીઓ, નાગરિકો સહિત સૌ કોઈ તિરંગા સાથે ઉત્સાહભેર જોડાશે અને રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરશે.

શહેરના કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ મેદાન ખાતેથી સવારે ૮:૩૦ કલાકે આ તિરંગા યાત્રા પ્રસ્થાન થશે, ત્યારબાદ નાગનાથ મંદિર, રાજકમલ ચોક, ટાવર ચોક, કાશ્મીરા ચોક, લાઈબ્રેરી ચોક, નાના બસ સ્ટેન્ડ (હરિરામ બાપા સર્કલ) અને સરદાર સર્કલ ખાતે આ તિરંગા યાત્રાનું સમાપન થશે.

ઉલ્લેખનીય છે કે, હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત દરેક નાગરિકો તિરંગો લહેરાવી પોતાના રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરશે, અમરેલી તિરંગામય બનશે.

હર ઘર અભિયાન હર ઘર સ્વચ્છતાની થીમ પર ઉજવણી કરવામાં આવી રહી છે. જેથી નાગરિકોમાં સ્વચ્છતા માટેની જન જાગૃત્તિ પણ વ્યાપક બનશે.

### પ્રદેશ કોંગી પ્રવકતા ડો. મનિષ દોશીનો આક્ષેપ

# નવી મેડિકલ કોલેજો સ્થાપવા માટેની સ્કીમ એ ભાજપ સરકારનુ કૌભાંડ

## સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ કરવાની માંગ

અમરેલી, તા. ૮

નવી મેડીકલ કોલેજો સ્થાપવા માટે રાજયમાં બ્રાઉન ફીલ્ડ સ્કીમ એ ભાજપ સરકારનું સુનિયોજિત સ્કેમ હોવાનું સામે આવી રહ્યું છે ત્યારે ખાનગી મેડીકલ કોલેજોને કિંમતી જમીન કરોડો રૂપિયાથી ઊભી થયેલ સીવીલ હોસ્પીટલ/જિલ્લા હોસ્પીટલ સહિત પાંચ વર્ષે ૧૧૦ કરોડ જેટલી માતબર રકમ સરકારી તિજોરીમાંથી આપવાની વ્યવસ્થા–ગોઠવણ અંગે તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ખાનગી મેડિકલ કોલેજો માં બેઠકો વધારા તથા નવી મેડીકલ કોલેજોની મંજુરીના નામે મોટી ગોલમાલ થઈ રહી છે. રાજયમાં બ્રાઉન અને ગ્રીનફિલ્ડ સ્કીમ હેઠળ મેડિકલ કોલેજ નામે મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. ૩૦ જૂન ના રોજ મેડિકલ કોલેજોનું એક કૌભાંડ સામે આવ્યું છે. સીબીઆઈ એ ફરિયાદ દાખલ કરીને મેડિકલ કોલેજોમાં સીટો વધારવાનું કૌભાંડ ખુલ્યું હતું. સીબીઆઈએ ફરિયાદ નોંધી તેવા આરોપી નંબર ૩૫ વિશ્વમંગલ ગુરૂકુલ કલોલના ભક્તવત્સલ સ્વામી પણ સામેલ છે. જે સ્વામીનારાયણ વિશ્વમંગલ ગુરૂકુલ, કલોલની મેડીકલ કોલેજ ચલાવી રહ્યાં છે. સ્વામીનારાયણ વિશ્વમંગલ ગુરૂકુલ, કલોલ સંસ્થા એ મહીસાગર અને ખેડા ખાતે નવી મેડિકલ કોલેજ માટે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ૧૭મી ઓગસ્ટના રોજ બ્રાઉનફીલ્ડ હેઠળ માંગણી મુકી છે જેનું આરોગ્ય વિભાગ ખાતે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. સીબીઆઈના ચોપડે ગેરરીતિ વાળી કોલેજોની હજુ તપાસ ચાલે છે ત્યાં, આવી જ સંસ્થાઓને બીજી નવી કોલેજો ને મંજૂરી માટે ગોઠવણ ચાલી રહી છે. બ્રાઉનફીલ્ડ અને ગ્રીનફીલ્ડ યોજના થકી ૨૦ એકર જમીન, સિવિલ હોસ્પિટલ, કોલેજ દીઠ ૧૧.૨૫ કરોડ રૂપિયા એટલેકે પાંચ વર્ષે ૬૦ કરોડ રૂપિયા મળવા પાત્ર થતા હોય છે. ગુજરાતમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ મેડિકલ કોલેજમાં વધારો થાય તે આવકાર્ય બાબત છે પણ, ભાજપ સરકારે પોતાના મળતિયાઓને ખાનગી કોલેજો–યુનિવર્સિટીઓને આડેધડ મંજૂરી આપીને કરોડો રૂપિયાની આર્થિક લાભો પહોંચાડી રહી છે. ભાજપ સરકાર વિદ્યાર્થી હિતના નામે સરકારી મિલકત અને કોલેજો પોતાના ખાસને પધરાવી દેતે કેટલે અંશે વ્યાજબી ? ભાજપની સરકારે પોતાના મળતિયાઓને વિશેષ લાભ માટે ગોઠવણ કરીને ખાનગી યુનિવર્સીટીઓ ને મંજૂરીઓ આપી છે. પોતાના મળતિયાઓને સિવિલ સોંપી દેવી, કોલેજો સોંપી દેવાનું કામ કર્યુ. ચંદા દો અને ધંધા લો ની નવી યોજનાઓ ભાજપે લાવી છે. આવા ભ્રષ્ટ લોકોને સિવિલ હોસ્પિટલ સોંપવાની કાર્યવાહી હાથ ધરવાની તજવીજ ચાલે છે. ખાનગી મેડીકલ કોલેજોને કરોડો રૂપિયાના લાભો સરકારી તિજોરીમાંથી બ્રાઉન ફીલ્ડ હેઠળ આપવાની વ્યવસ્થા આરોગ્યમંત્રી અને મુખ્યમંત્રીના આશીર્વાદ થી ચાલે છે કે કેમ તેની તપાસ થવી જોઈએ.

### જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા

# અમરેલીમાં વાહન ચાલકોને રક્ષા રૂપી રાખડી બાંધવામાં આવી

## ટ્રાફિકનાં નિયમોનું પાલક કરવા માર્ગદર્શન



અમરેલી, તા. ૮

અમરેલી સહિત દેશભરમાં દરરોજ હજારો લોકો વાહન અકસ્માતમાં મૃત્યુને ભેટે છે. ત્યારે સરકાર દ્વારા નક્કી કરાયેલ ટ્રાફિક નિયમનો અમલ થાયતો પણ અકસ્માતના બનાવમાં ઘટાડો થાય તેમ છે. ત્યારે લોકોમાં ટ્રાફિક નિયમમાં જાગૃતિ કેળવવા માટે થઈ અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ગાંધીગીરી કરી અને ટ્રાફિકના નિયમનો ભંગ કરનારા લોકોને સ્થળ ઉપર દંડ કરવાના બદલે આવા લોકોને અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા તથા મહિલા પોલીસ દ્વારા વાહન ચાલકોને રક્ષા રૂપી રાખડી બાંધી, તેમની સુરક્ષા અને સલામતી અંગે પ્રાર્થના કરી અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ane ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરવા અને અકસ્માતે નિવારવા માટે સહયોગ માંગ્યો હતો.

### ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવાની ઉપસ્થિતિમાં

# બાબરામાં પરિશ્રમ વિદ્યાલયમાં રક્ષાબંધનના તહેવારની ઉજવણી

## ભાઈ બહેનના પવિત્ર તહેવારની સમજણ અપાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૮

બાબરામાં પરિશ્રમ વિદ્યાલયમાં ભાઈ બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ ભાઈઓ બહેનો જોડાયા હતા અને વિદ્યાર્થીનીઓ દ્વારા વિદ્યાર્થીની કલાઈ પર રાખડી બાંધી હતી અને ભાઈઓ દ્વારા ગિફ્ટ આપવામાં આવી હતી.

શાળાના મુખ્ય ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવા દ્વારા રક્ષાબંધનના તહેવારની વિસ્તૃત માહિતી અને સમજણ તમામ વિદ્યાર્થીઓ આપવામાં આવી હતી.

# જાફરાબાદ ખાતે ખારવા સમાજ દ્વારા દરિયાદેવનું પૂજન કરાયું



જાફરાબાદ, તા. ૮

જાફરાબાદમાં ખારવા સમાજની વર્ષો જુની પરંપરા એટલે નાળિયેર પૂર્ણિમાંનો ઉત્સવ શ્રવણ મહિનામાં ઉજવાય છે. આ ઉત્સવમાં બોટ માલિકો દ્વારા દુધની હેલ વિવિધ ફુલોથી સળગાવી તેમાં શ્રીફળ મુકી અબીલ ગુલાલ સાથે દરિયા દેવનું પૂજન અર્ચન કરવામાં આવે છે. આ પવિત્ર દિવસે પરંપરા મુજબ સાગરખેડૂ મહિલાઓ મોટી સંખ્યામાં દરિયા કિનારે જઈને દરિયા દેવને અગરબતી દિવો અને અબીલ ગુલાલ અને દુધ અને શ્રીફળ જુદો જુદો પ્રસાદ અર્પણ કરી મધદરિયે ખેડતા પોતાના પતિ તથા પુત્રોની તથા ભાઈની રક્ષા કરવા દરિયા દેવને પ્રાર્થના કરવામાં આવે છે. બોટ માલિકો દ્વારા દુધની ભરેલ હેલ ફુલોથી સળગાવી શ્રીફળ દરિયા દેવને અર્પણ કરવાની નાળિયેર પૂર્ણિમાની આ પરંપરા ખારવા સમાજમાં વર્ષોથી કરવામાં આવે છે. જેનો હેતુ એકજ છે કે પોતાનાં ભાઈ દીકરા પતિ જે દરિયામાં બોટ લઈને દુર દુર સુધી મચ્છીમારી કરવા જાય છે. તેઓને સલામત રાખે તેવી બહેનો બાળકો વડીલો બોટ માલિકો સમાજનાં આગેવાનો સર્વ સાથે મળીને દરિયા દેવની પૂજા કરવામાં આવેલ અને આવનારૂ દરિયાઈ નવું વર્ષ સમસ્ત ખારવા સમાજ માટે સુખદાયી, સમૃધ્ધિદાયી અને નિરામય તંદુરસ્ત જીવન નિવડે એવી દરિયા દેવને નમસ્કાર કરી પ્રાર્થના કરવામાં આવેલ હતી. દરિયાકાંઠે વસતા સાગરખેડૂઓ માટે નાળિયેર પૂર્ણિમાનો ઉત્સવ ભવ્યથી ભવ્ય ઉજવવામાં આવે છે. જાફરાબાદનો દરિયો કયારેક તોરીલો તો કયારેક તુંડમિજાજી લાગે આ દરિયા લાલનાં રૂપ જુજવા માથાબૂડ મોજાઓ પર મોજાઓ ઉછાળતો તરંગી અને તિતાલી કયારેક એનું રૌદ્ર અને ડરામણું રૂપ જોઈલો તે કયારેક શાંત સૌમ્ય ધીર ગંભીર ઉંડુ રહસ્યમય ગર્જના કરતો સંભળાય છે. જાફરાબાદન ભાતિગળ ઈતિહાસને એણે પોતાનાં ગર્ભમાં સાચવ્યો છે. તેવા આ દરિયા દેવને અજે સાગરખેડૂ દ્વારા પરંપરા મુજબ પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું અને દરિયા દેવનો ખોળો ખુંદવા જતા સાગરખેડૂ માટે તેમની રક્ષા માટે દરિયા પુંજન કરવામાં આવે છે. અને દરિયા દેવને દુધ રેડી શ્રીફળ ચડાવી પુંજા અર્ચના કરી દરિયા દેવનાં ખોળે આઠ મહિના દરિયો ખેડવા જતા સાગરખેડૂની રક્ષા માટે દરિયા દેવને મહિલાઓ દ્વારા ખોળો પાથરીને સાગરખેડૂ માટે પ્રાર્થના કરવામાં આવે છે.

### જેટકોમાં ભરતીમાં ગેરરીતિનાં આક્ષેપોના વિરૂધ્ધમાં

# અમરેલી ખાતે ગુજરાત વિદ્યુત કામદાર સંઘે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને વિરોધ કર્યો

## યુવરાજસિંહ દ્વારા થયેલ આક્ષેપ પાયાવિહોણા





અમરેલી, તા. ૮

ગત તા. ૬ના રોજ યુવરાજસિંહ દ્વારા એક પત્રકાર પરિષદ યોજી નિવેદન આપેલ હતું કે, ગુજરાત રાજયની ઉર્જા વિભાગની જેટકો કંપનીમાં પ્લાન્ટ અટેન્ડેન્ટ ગ્રેડ–૧ કક્ષાની ભરતી પ્રક્રિયામાં જેટકોના તત્કાલીન ઈન્ચાર્જ જનરલ મેનેજર (એચ.આર.) તેમજ અન્ય અધિકારીઓ સાથે એજીવીકેએસની કથિત મિલી ભગતમાં સદર જગ્યાઓ માટે ગેરરિતી કરી હોવાનો તેમના જાહેર સ્ટેટમેન્ટમાં યુનિયન વિરૂદ્ધ મિલીભગત કે કથિત ભ્રષ્ટાચારના કોઈપણ તથ્યો પુરાવા વગર બેબુનિયાદ આરોપ લગાડી અને સરકાર તેમજ કર્મચારીઓ અને ઉમેદવારોને ગુમરાહ કરતું મીડિયા સમક્ષ નિવેદન આપી ખોટો આક્ષેપ કરવામાં આવ્યા હતાં. આ આક્ષેપના વિરૂધ્ધમાં આજે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ પરિવાર અમરેલી દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પાઠવીને વિરોધનું પ્રદર્શન કર્યુ

આ આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ગુજરાત સરકારની ઉર્જા વિભાગની સાતેય કંપનીમાં ૬૦ હજાર કરતાં વધુ કર્મચારીઓમાં સૌથી લોકપ્રિય અને ૩૫૦૦૦ કર્મચારીઓની સભ્ય સંખ્યા ધરાવતા અમારા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ પરિવાર વિરૂદ્ધ તેમના દ્વારા તદન ખોટા આરોપો લગાડી બદદાનતથી બ્લેક મેઈલીંગ કરવાના ઈરાદાથી હીન કૃત્ય કરવામાં આવ્યું છે જેને અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ પરિવાર સાંખી લેશે નહીં. વધુમાં યુવરાજસિંહના આક્ષેપો તદન પાયાવિહોણા છે બદદાનતથી કરવામાં આવેલ છે તેવું સાબિત થાય છે. જો તેમ ન હોય તો યુવરાજસિંહ પુરાવા જાહેર કરે.

યુવરાજસિંહના તથ્ય પુરાવા વિહિન આરોપો સંઘને અને સંઘના ઉચ્ચ હોદ્દેદારોને બદનામ કરવા ભૂતકાળમાં પણ આવા પાયાવિહોણા અસંખ્ય આરોપો અન્ય વિરોધી સંગઠનો દ્વારા પણ લગાવવામાં આવ્યા હતા. સાથે તાજેતરમાં જે આક્ષેપો લગાવવામાં આવ્યા તે તેના દ્વારા બ્લેકમેઈલિંગ કરવાના બદઈરાદાથી કરવામાં આવ્યા છે. આ વિરૂદ્ધ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ પરિવારમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સાથે જો સરકાર આવા તત્વો સામે ગુનો દાખલ કરીને સખ્ત કાર્યવાહી નહીં કરે તો આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ પરિવારે ઉચ્ચારી છે. તેમ આવેદનપત્રના અંતમાં માંગ કરવામાં આવેલ છે.

### વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ સંચાલિત

# બગસરાનાં મહિલા વિકાસ સંગઠનનાં બહેનોનો પ્રેરણા પ્રવાસ યોજાયો

## સાવરકુંડલાનાં મા–બાપનું ઘર ''વૃધ્ધાશ્રમ''ની મુલાકાત



અમરેલી, તા. ૮

બગસરાના વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ સંચાલિત જયોતિ મહિલા વિકાસ સંગઠન હડાળા દ્વારા યોજાયેલા પ્રેરણા પ્રવાસમાં હડાળાના મહિલા મંડળ ના પર બહેનોએ જોડાયા હતા.

સાવરકુંડલા સ્થિત મા – બાપનું ઘર – વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. માનસિક રીતે અસ્થિર ભાઈઓ અને બહેનોની સેવા કરે છે તેવા મનીષાબેને બહેનો સાથે સંવાદ કર્યો. સત્સંગ બાદ નાસ્તો કરતા બહેનોને રોજિંદા જીવનામાં ઉપયોગી એવી બાબતોની ચર્ચા અને વિચારણા કરવામાં આવી.

ખાસ કરીને સામાજિક ઘડતર અને ઘરેલુ બાબતમાં મહિલાઓને રહેવાની અને જીવવાની કળા અને બોધપાઠ મળી રહે તે માટે આ પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

સાસુ – વહુ, દેરાણી જેઠાણી સાથે દેખાદેખી ન રાખવા, ઘરમાં વડીલોના માનપાન જાળવવા, સહન શક્તિ, જતું કરવાની ભાવના, ભૂલ સ્વીકારતા શીખવું, માફી માંગતા શીખવું, મન મોટું રાખવું, પોતાના સિવાયનાઓને પણ માફી આપવી.

માનસિક તણાવમાં રહેતાં હોય તેવા તમામ માનસિક તણાવમાંથી બહાર આવી શકે અને સારી રીતે જીવન જીવી શકે તે માટે દરેક વ્યક્તિ પોતાના સ્તરે શું કરી શકાય તે બાબતે વિસ્તૃત માર્ગદર્શન મનીષાદીદીએ આપ્યું હતું. હેનોએ સાવરકુંડલા બાદ બગદાણા, ભગુડા અને ઉંચા કોટડા સહિતની જગ્યાઓએ દર્શન કર્યા હતાં, તેમ બગસરાના વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના દેવચંદભાઈ સાવલિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# દરિયાકાંઠે આવેલ શહેરનાં નાગરિકો પૈસા ખર્ચી પાણી મેળવવા મજબુર

# જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં ૧૫ થી ૨૦ દિવસે પાણી વિતરણ

## પાલિકાનાં વાલ્વમેન કક્ષાના કર્મચારી જાગૃત નાગરિકને ઉડાઉ જવાબ આપતા હોય નારાજગી

## વિકસિત ગુજરાતનાં શહેરના નાગરિકોને પીવાના પાણીની મુશ્કેલી છતા વિકાસની વાતો

## શહેરીજનોએ ખોબલે-ખોબલે મત આપીને પાલિકાનું સુકાન સોંપ્યુ બદલામાં મળ્યા તોછડા જવાબ

## સાગરખેડુ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા લેખિત રજુઆત છતાં પરિણામ શુન્ય

જાફરાબાદ, તા. ૭

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારોમાં આંઠ દિવસે પાણી વિતરણ કરવા આવું નથી પરંતુ નજીકના દિવસોમાં તહેવારો હોય જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં માટે જાગૃત નાગરિક દ્વારા વાલ્વમેન ને ફોન કરતા જણાવેલ કે અમુક વિસ્તારોમાં તા/૩૦/૦૭/૨૦૨૫ ના રોજ જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં આવ્યુંહતુંત્યારેફક્તએકકલાકજપાણી આપવામાંઆવ્યું હતું આંઠ દિવસ જેવો સમયથવાજઈરહ્યોહોયઅનેનજીકના દિવસોમાં તહેવારો પર હોય આ સામાકાંઠા વિસ્તારોમાં પહેલેથી જ ૧૫ થી ૨૦ દિવસો સુધી જીવન જરૂરિયાત પાણીવિહોણાનાગરિકોરહેતાહોયછે. બારેમાસ હાડમારી ભોગવવી પડતી હોયછે. એમાંપણ૨૦૦થી૩૦૦રૂપિયા ચુકવી નાગરિકો પાણી ના ટાંકા ઠાલવી રહ્યાહોયછે. જાગૃત નાગરિક વાલ્વમેન નેજણાવ્યું કે આ વિસ્તારમાં આઠ દિવસ જેવો સમય થઈ ગયો છે. અને તહેવારો નજીકહોયતોઆઠદિવસેપાણીકેમનહીં કે પછી ૧૫ થી ૨૦ દિવસે જ પાણી આપવાનો નિયમ છે. આ બાબતે શું અમારે ઉચ્ચ અધિકારીઓ ને ફોન કરવો પડશે તો વાલ્વમેન દ્વારા જણાવ્યું કે ૧૫ દિવસ પણ થશે અને ૨૦ દિવસ પણ થશે તમારે જેને ફોન કરવો હોય તેને કરો જો જાગૃત નાગરિક સાથે આવું વર્તન કરતા થાય તો આમજનતા સાથે કેવો વ્યવહાર કરતા હશે નગરપાલિકાના કર્મચારીઓ આ બાબતે નગરપાલિકાના વડા ચિફ ઓફિસર ને ફોન કરી આ વાલ્વમેન બાબતે રજૂઆત કરવામાં આવી હતી પરંતુ ચિફ ઓફિસર દ્વારા જણાવ્યું કે, હું તે વાલ્વમેનનુ નામ શું છે તેઓને નામ આપેલ અને વિસ્તારોમાં નજીક તહેવારો હોય તો આઠ દિવસે પાણી વિતરણ કરવા



માટે યોગ્ય કરવા જણાવેલ પરંતુ આઠના નવ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવ્યું નથી શું ચિફ ઓફિસર ને પણ ફોન કરવા છતાં પણ પાણી વિતરણ ન થઈ તો આમ જનતા ને શું સમજવું પાલિકા અમુક કર્મચારીમાં ચલાવી રહ્યા હશે તેવી અનેક ચર્ચાઓ લોકમુખે ચર્ચાઈ રહી છે. દરિયાકાંઠે જાફરાબાદની સ્થિતિ તરસ્યા નગર જેવી બની ગઈ છે. અહીં જળ વિતરણ વ્યવસ્થા સાવ ખાડે ગઈ છે. વાલ્વમેન મનફાવે એ વિસ્તારમાં અને મનફાવે ત્યાં વાલ્વ ખોલીને એમની મન મરજી મુજબ શહેરને પાણી આપે છે. એમાંયે સામાકાંઠા વિસ્તારમાં આઠ – આઠ દિવસ ય પાણી ન આવતા લોકો હેરાન પરેશાન ૧૫–૨૦ દિવસે પાણી વિતરણ કરવામાં આવે તો એક કલાક કાતો ખોઢ કલાક પાણી વિતરણ કરવામાં આવે છે. બંધારણીય અધિકાર જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં પણ જવાબદાર પાલિકા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ બાબતે પણ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લેટરપેડ ઉપર જીવનજરૂરી પાણી બાબતે તથા વાલ્વમેન ઉપર પગલાં લેવા બાબતે ચિફ ઓફિસરને લેખિત રજૂઆત ઉચ્ચ કક્ષાએ રજૂઆત છતાં પણ પગલાં લેવામાં આવ્યાં નથી લેખિત રજૂઆતની પાલિકા દ્વારા કોઈ પણ પ્રત્યુતર આપવામાં આવ્યો નથી સંસ્થાઓની લેખિત રજૂઆત છતાં પણ કચેરીથી કોઈ જવાબ નથી આપતા તો આમજનતા શું જવાબ આપવાના તેવા અનેક પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે.

## અનાજ કીરાણા એસોસીએશન અને ચેમ્બર દ્વારા

# અરે વાહ : અમરેલીનાં વેપારીઓને રૂપિયા ૫ લાખનુ પરચુરણ વિતરણ કરાયુ

### અમરેલીને કરન્સી ચેસ્ટ મળે તેવી માંગ થઈ



અમરેલી, તા. ૮

શ્રાવણ માસના તહેવારોને અનુલક્ષીને કરીયાણા તેમજ ડીસ્ટ્રીકટ ચેમ્બર દ્વારા એસ.બી.આઈ. બેંક મેઈન શાખાના મેનેજર અખીલ પ્રકાશસિંહ રૌથાણને પરચુરણ માટે રજુઆત કરેલ તેમજ બ્રાંચ શાખા, નાગનાથ મંદિર સામે તેમાં મેનેજરને રજુઆત કરેલ બંને બેંકમાંથી સારો સહકાર મળેલ. અમરેલી શાખામાં કરન્સી ચેસ્ટ ન હોવાને કારણે અહીં પરચુરણ તેમજ નવી નોટો આવતી નથી. તો તેમણે બીજી શાખામાં પરચુરણ રૂા. ૧૦ના સીકકા પડેલ તે રૂા. ૫ લાખના આપેલ છે અને એસોસીએશન દ્વારા ૨૪૦ વેપારીઓને રૂા ૧૦/–ના સીકકાનું પાંચ દિવસ સુધી વિતરણ કરેલ. તહેવારોને અનુલક્ષીને વેપારીઓને સિકકા મળતા વેપારીઓએ રાહતની લાગણી વ્યકત કરેલ છે. રૂા. ૨/– તથા રૂા. ૫/–ના સિકકાના તેમજ દિવાળી ઉપર નવી નોટો મંગાવવી તેવી રજુઆત કારણ કે રૂા. ૧૦/– ની નોટો સાવ રદી આવે છે. માટે વેપારમાં તકલીફ પડતી હતી તેમજ નાના કોઈ ન પણ મંગાવી આપશે તેવુ વચન આપેલ છે. અમરેલી એસ.બી.આઈ. બેંકમાં કરન્સી ચેસ્ટ પણ ચાલુ કરવી જોઈએ. તેવી નાયબ દંડ કૌશિકભાઈને પણ રજુઆત કરેલ છે પણ કોળ પરીણામ આવેલ નથી. માટે જેમ બને તેમ વ્હેલાસર કરન્સી ચેસ્ટ અમરેલી બેંકને મળે તે બહુ જરૂરી છે. બેંક તરફથી નાના (૨–૫)ના કોઈ ન મળશે એટલે પણ દરેક વેપારીઓને વિતરણ કરવામાં આવશે. તેમ અંતમાં જણાવેલ છે.

## ચલાલામાં આજે બાળ ઠાકર પૂણ્યજીત ભગતના પ્રથમ જન્મદિને શુભેચ્છા પાઠવાશે

ચલાલા, તા. ૮

આજે ચલાલામાં બાળ ઠાકર પૂણ્યજીતભાઈ ભગતનાં પ્રથમ શુભજન્મદિવસના ચલાલાની સુપ્રસિદ્ધ દાનમહારાજની જગ્યાના મહંત મહારાજ પૂજયવલકુબાપુ અને શાંત, સરળ, સહજ, લઘુમંત પૂજય મહાવીરબાપુ સહિત સમગ્ર ભગત પરિવાર ચિ. ભાઈ 'પૂણ્યજીતભાઈ' ને રૂડા આશીર્વદ પાઠવી શુભકામનાઓ વ્યકત કરી પોતાનો રાજીપો વ્યકત કરશે. તેમજ ચલાલા પંથકના નામી–અનામી અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓ સહિત મોટો સેવક–સમુદાય શુભકામના પાઠવશે.





સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254



* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪


પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક, શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ▪ બટેટા વેફર ▪ કેળા વેફર
શિવ
હાજરમાં મળશે
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
➤ કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
➤ કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુટનું ઓપરેશન
➤ એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
➤ સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➤ એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
➤ $CO_2$ લેસર સર્જરી
➤ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭



પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

# “સુખી થવા માટે કુસંગ કે કુસંગીથી દુર રહેવું જોઇએ”

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

અષાઢ મહિનો બેસે ને ઉકળાટ વધી જાય છે. જીવમાત્ર આકુળવ્યાકુળ બની જાય છે ને આકાશમાં ઘેરાયેલ કાળાં ડીબાંગ વાદળો સામે વરસાદની રાહ જુએ છે. વરસાદ તો જીવન છે. સ્વાતિ નક્ષત્ર બેસે, વર્ષાની પહેલ બુંદો ધરતીને ઝબોળી દે ત્યારે દરિયામાં કાલુ નામની માછલી–છીપ મોં ખોલી આકાશ તરફ મીટ માંડે છે. ને તેના મોંમા એક પાણીનું બુંદ પડે ને માછળી તળીયે જઈ વસે. કાળક્રમે એ બુંદ અમૂલ્ય મોતી બને છે. એ જ પાણીનું બુંદ સાપના મુખમાં પડે તો હળાહળ બને, તરસ્યા માણસનું જીવન બની જાય. એ જ બુંદ ધગેલી લોઢી પર પડે તો છમ કરતું બળી જાય.

પાણીનું બુંદ એનું એ જ છે. પણ એનો સંગ જુદો જુદો હતો. જેવો સંગ તેવો રંગ કહે છે ને કાળિયા સાથે ધોળીયો ફરે તો વાન ન આવે પણ સાન આવી જાય. માટે જીવનમાં જેવી સોબત કરીશું. એવી અસર થવાની જ છે.એક પ્રસંગ યાદ આવે છે. રાજા ભોજના દરબારમાં ઘણાં માનવરત્નો હતા. જેમાના એક કવિ કાલીદાસ હતા. રાજા ભોજ અને કાલિદાસને સારી મિત્રતા હતી. એક દિવસ તેઓ બન્ને જંગલમાં ફરવા નીકળે છે. રસ્તામાં રાજા કહે છે. કવિ કંઈક વાત કરો ત્યારે કવિ કાલીદાસ કહે છે. મહારાજ જીવનમાં કયારેય કુસંગ કરવો નહિ. નીચ માણસની દોસ્તી કરવી નહિ. રાજા હસીને કહે કવિ તમારી વાત ખોટી છે. જો આપણે મકમ હોઈએ તો કુસંગી પાણી ભરે મન સાબૂત હોવું જોઈએ. કવિએ સાચી ઘણી દલીલો કરી પણ રાજાએ પોતાનું રટણ ચાલુ રાખ્યું. એટલે કાલિદાસ ચૂપ થઈ ગયા.

આ વાતને ઘણો સયમ થઈ ગયો. રાજાએ વાતને ભૂલી ગયા. પણ કાલિદાસે મનમાં ગાંઠ વાળેલી કે રાજા ભાન તો કરાવવું જ છે.

એક રાત્રે કાલિદાસ વેશપલટો કરી નગરમાં નીકળે છે. તેમણે જોયું તો ગામના છેવાડે મોડી રાત્રે પાંચ છ માણસો બેઠાં હતાં. આડીઅવળી વાત થતી હતી. કાલિદાસ પણ એની સાથે ભળી ગયા. જતાં જતાં કાલિદાસે એક ભાઈએ બોલાવી પોતાની યોજના સમજાવી યોજના પાર પડશે તને ઈનામ મળ શે. કાલિદાસ બીજે દિવસે દરબારમાં ગયા. કાલિદાસે કહ્યું. મહારાજ ઈચ્છા થાય છે દેવદર્શન કરવાની, ગંગાસ્નાન કરવું છે. બે – ત્રણ માસ લાગી જશે. રાજાએ રજા આપી. કવિએ કહ્યું મહારાજ મારા એક મિત્ર હતા. તેમનું અવસાન થયું છે. એમનો એકનો એક દીકરો મારી સાથે રહે છે. મારી ઈચ્છા છે કે એને કયાંક નોકરીએ લગાડી આપો તો મારી ચિંતા ઓછી થાય. રાજાએ એ પણ સ્વીકાર કર્યો. ફરી કવિ કહે મહારાજ છોકરો સાવ ભોળો છે. દુનિયાદારીની ખબર નથી પડતી. મારી વિનંતી છે કે એને આપની સેવામાં રાખો તો સારૂ. રાજાએ એ વાત પણ સ્વીકારી કવિ યાત્રાએ નીકળી ગયા.રાજા ભોજની સેવામાં છોકરો લાગી ગયો. બધું જ કામ કરે રાત્રે પગચંપી પણ કરે. રાજાને તેના પર ભરોસો બેસી ગયો. ઘણી વાતો થાય.

એક દિવસ સેવા કરતાં છોકરાએ કહ્યું મહારાજ રોજ નગરમાં આપની સવારી નીકળે છે. લોકો દર્શન કરી ધન્યતા અનુભવે છે. પણ એક હવેલી પર કદી આપની નજર પડી છે રાજા કહે એમાં વળી શું હોય ? હવેલી જેવી હેવલી એમાં શું જોવાનું હોય. છોકરાએ કહ્યું મહારાજ હું કરૂ એના કરતાં આવતી કાલે આપ જ નજર નાંખી લેજો.

બીજા દિવસે સવારી નીકળી. સવારી ફરતી ફરતી પેલી હવેલી પાસેથી પસાર થતી હતી. ત્યારે પેલા છોકરાએ મહારાજને ઈશારો કર્યો. રાજાએ ત્રાંસી નજરે હવેલી તરફ મીટ માંડી રાજાની નજર ખીલી થઈ ગઈ. ૨૫ એક વરસની નગરશેઠના દીકરાની વહુ ત્યાં ઊભી હતી. પણ રૂપરૂપનો અંબાર કાચની પૂતળી જોઈ લો. રાજાએ નજર હટાવી લીધી. સવારી મહેલમાં ગઈ.

રાત્રે સેવા કરતા છોકરાને પૂછયું પેલી સ્ત્રી કોણ ? છોકરાએ કહ્યું. મહારાજ નગરશેઠ દીકરાની વહુ છે. રાજાએ પુછયું મળવું હોય તો ? છોકરાએ જાળ બરાબર બંધાવી. મહારાજ એમ જ સીધું મળી શકાય નહિ. રાજા એટલે ભગવાન એ છોકરીનો નિયમ છે કે રાજ આપનાં દર્શન કરી પછી જ ભોજન કરવું. વળી તેમને ત્યાં સાધુ સંતો રોજ જમે છે. સાધુ થવું પડે. રાજા કહે સાધુ થઈએ. છોકરો કહે મહારાજ આપને તો સૌ ઓળખો. એટલે સાથે મુંડન કરાવવું પડે. રાજાએ મુંડન કરાવ્યું. સાધુનો વેશ લીધો. હાથમાં કમંડળને ચીપિયો કર્યો. છોકરો પણ ચેલો બની ગયો. બીજે દિવસે બન્ને નગરશેઠની હવેલીએ આવે છે. સાધુની લાઈનમાં બેસી જાય છે.

નગરશેઠના દીકરાની વહુ કેરી રસ મઢતી હતી. કેરી લીધી ઘોળી રસ કાઢવા ગઈ રસ નીકળ્યો નહિ. બીજી, ત્રીજી રસ નીકળ્યો. વહુ બોલી નકકી દેશના રાજાની દાનત બગાડી છે નહિતર આવું ન થાય.

શબ્દો રાજા ભોજના કાને પડયાં. એનું રાજત્વ જાગી ગયું. ચીપિયો કમંડળ મૂકી રાજા ભોજે દોટ મૂકી. જયાં રાજમહેલની ધ્યાને આવ્યા ત્યાં કાલિદાસ સામે ઉભા હતા. તેને કહ્યું મહારાજ કુસંગની અસર થાય કે ન થાય ? નીચનો અંગ કરાય કે ન કરાય ? રાજા ભોજ શું જવાબ આપે ?

એટલે જ કહે છે કે રોગ અને દુશ્મનને ઊગતાં જ ડામી દેવા. સુખી થવાનો રાજમાર્ગ છે. કુસંગ, નીચ માણસોથી દુર રહેવું. આપણું જીવન નીર્મલ ને કુસંગ રહિત બની રહે માટે સતસંગ કરવો જરૂરી છે.

– અસ્તુ



# બાલ એક્સપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## માધવનું બાળપણ ખીલ્યું

### જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ) પ્રકાશ કુબાવત

માધવ અને શ્યામ એક જ શાળામાં ભણે. બંનેનાં ઘર પણ નજીક નજીક. માધવનું ઘર ખૂબ મોટું હતું. જયારે શ્યામનું ઘર નાનું હતું, પણ જયારે જુઓ ત્યારે માધવ શ્યામના ઘરે જ હોય.

માધવનાં મમ્મી અને પપ્પા બંને સરકારી નોકરી કરે. બંનેનો પગાર પણ બહુ સારો.

માધવના પપ્પાએ પ્રેમલગ્ન કરેલાં હતાં. લગ્ન વખતે માધવની મમ્મીએ શરત મૂકી હતી કે, “આપણા બે સિવાય ઘરમાં કોઈ હોવું ન જોઈએ. મને જુનવાણી માણસો અને જુનવાણી વિચારો પસંદ નથી.” માધવના પપ્પા પ્રવીણભાઈએ આ શરત સ્વીકારી લીધી હતી.

પ્રવીણભાઈને ક્યારેક તેમનાં મમ્મી–પપ્પા અને કુટુંબીજનોની યાદ આવી જતી પણ તે લાચાર હતા. એક ઝાટકે તેમનો સગાં–સંબંધીઓ સાથેનો નાતો તૂટી ગયો હતો.


લગ્નનાં ચાર વર્ષ પછી માધવનો જન્મ થયો. ત્રણ–ચાર મહિનાના આરામ પછી માધવનાં મમ્મી જયોતિબેન પાછાં નોકરીએ જવા લાગ્યાં.

માધવ હવે આયાના હાથમાં મોટો થવા લાગ્યો. તેનાં મમ્મી–પપ્પા તેના માટે ઘણાં બધાં મોંઘાં રમકડાં ખરીદી લાવતાં, પણ તેને બહાર રમવા જવા ન દેતાં. જયોતિબેનને ધૂળથી ખૂબ નફરત હતી. માધવ ધૂળને સહેજ પણ ન સ્પર્શે એ બાબતે તે મક્કમ હતાં.

માધવ આમને આમ સાત વર્ષનો થઈ ગયો. તે હવે શાળાએ પણ જતો. શાળામાં શ્યામ તેનો ખાસ મિત્ર બની ગયો.

શ્યામ ભણવામાં પણ ખૂબ હોશિયાર હતો. તે માધવને ભણવામાં પણ મદદ કરતો. આથી જયોતિબેન માધવને શ્યામના ઘરે જવા દેતાં.

માધવને શ્યામના ઘરે



રમવાની પણ ખૂબ જ મજા આવતી. શ્યામને એક નાની બેન પણ હતી. માધવ, શ્યામ અને તેની બેન જાનવી ત્રણે જણાં લંગડી, આંધળોપાટો, કેરમ વગેરે રમતો રમતાં.

શ્યામનાં દાદીમા પણ શ્યામના ઘરે જ હતાં. તે પણ આ બાળકો સાથે હળીમળી જતાં. બધાને તે વાર્તા કહેતાં અને હસાવતાં પણ ખરાં.

વાર્તા કહેતાં કહેતાં તે માધવ, શ્યામ અને જાનવીને પ્રેમથી માથે હાથ પણ ફેરવતાં. ક્યારેક રમતમાં ઝઘડો થયો હોય તો, બધા દાદીમા પાસે દોડી જતાં. દાદીમા એવો ન્યાય કરતાં કે બધાં ફરીથી હસતાં હસતાં રમવા લાગતાં.

જયોતિબેન રવિવારે ઘરે હોય. રવિવારે માધવને ક્યાંય પણ જવા ન દે. માધવ ઘરમાં એકલો એકલો મૂંઝાયા કરે. તે મોબાઈલ રમ્યા કરે અને થાકે ત્યારે ટીવી જોયા કરે. તેનાં મમ્મી પણ આખો દિવસ રજામાં મોબાઈલ જ જોયા કરે.

દર રવિવારે પ્રવીણભાઈ માધવ માટે કંઈક ને કંઈક નવું રમકડું ખરીદી લાવે. હમણાં તે બેડમિન્ટન લઈ આવ્યા.

માધવ બેડમિન્ટન જોઈને ખૂબ રાજી થયો. તેણે કહ્યું, ‘ ‘પપ્પા, ચાલો મારી સાથે ફૂલ–રેકેટ રમો.’’

પ્રવીણભાઈએ કહ્યું કે, ‘ ‘અત્યારે મારી પાસે ટાઈમ નથી. તું એકલો રમ.’’

મમ્મીને પણ ફૂલ–રેકેટ રમવા કહ્યું તો મમ્મીએ પણ કહ્યું કે, ‘ ‘મને પણ અત્યારે ટાઈમ નથી.’’

રવિવાર માણવાને બદલે માધવ ઈચ્છતો કે જલદીથી રવિવાર પૂરો થાય તો સારૂ. હું મારા મિત્રને તો મળી શકું!

આમ ને આમ કરતાં વકેશન પડી ગયું. વકેશન પડતાં જ તેનાં મમ્મી–પપ્પા તેને ફરવા લઈ ગયાં. માધવને ફરવાની ખૂબ જ મજા આવી. એક અઠવાડિયા પછી તે ઘરે આવ્યાં.

## બાળકો આપણા રામકૃષ્ણ

### શિશુવંદના – ગિજુભાઈ ભરાડ

દુનિયાના બધા જ બાળકો આ બે બાળકોની પ્રતિભા વચ્ચેના હોય છે. રામનું બાળપણ શાંત અને સરયુના જળ જેવું પારદર્શક છે. કોઈ તોફાન કે ઝંખના એમના બાળ ચરિત્રમાં નથી. એ જન્મથી જ શાંત રસની મૂર્તિ છે. એની સામે કૃષ્ણ તો રસરાજ છે. કુષ્ણનું બાળપણ તો આ વિશ્વને શૈશવ શીખવનારું છે. એ સર્વતોમુખી છે. રોમાંચ અને પરાકમોથી ભરપુર છે. ભારતવર્ષ રામની બાલીલા જાણતું નથી. કારણ કે જન્મથી જ તેઓ ધીરે અને ઉદાસ છે. કેટલાક બાળકોમાં આવી પ્રતિભાનો અણસાર જોવા મળે છે. કૃષ્ણનું તો શૈશવ જ એટલા વ્યાપવાળું છે કે એમાં સંસારના સર્વ બાળકોના શૈશવનૃ પ્રતિબિંબ ઝીલાયું છે. એ ખરો લોકનાયક છે એટલે પ્રજાના લક્ષણોનો પડઘો એના ચરિત્રમાં સંભાળાય છે. રાધા લોકનાયિકા છે. રામ અને કૃષ્ણના ઉછેરનું વાતાવરણ સાવ ભિન્ન છે. રામ મહેલના એકાંતમા ઉછર્યા છે અને એકાંતપ્રિય અંતર્મુખી જ રહ્યા છે. કૃષ્ણ લોકસાગરના હિલ્લોળા વચ્ચે મોટા થયા છે અને આજીવન બહિર્મુખ જ રહ્યા છે. દરેક બાળકમાં કૃષ્ણત્વ અને રામત્વનું સંમિલન હોય છે. બાળકો આપણા રામકૃષ્ણ છે.

## કાન્તાબહેન એમ. પટેલ ભાગ – ૩

### લક્ષદ્વીપ–પ્રવાસ – સ્વામી સચ્ચિદાનંદ

પ્રકાશક : ગુર્જર પ્રકાશન




મેં ત્રણ દિવસથી ખાસ ખાધું નથી તેથી વજન ઊતરી ગયું છે. મેં મારે માટે બે ઈડલી અને સાંભાર કરી રાખવાની સૂચના આપી હતી, કારણ કે અહીંના રસોઈયા આપણી રસોઈ બનાવી શકતા નથી, પણ ઈડલી વગેરે અહીંની વાનગીઓ બહુ જ સરસ બનાવે છે. એમાં પણ સાંભાર તો વાટકો ભરીને પીવાનું મન થાય તેવો હોય છે. હું લાંબું ચાલીને પહોંચી ગયાં. લગભગ ૧:૦૦ વાગી રહ્યો હતો અને અમારે માટે જમવાનું તૈયાર હતું. આગળ આગળ આયોજન કરી રાખ્યું હોય તો ઘણી અગવડોમાંથી છુટકારો મળે અને સુખી થવાય. આયોજનપૂર્વકનું જીવન એ જ ખરૂ જીવન કહેવાય.

અમારામાં એક ભાઈ ‘આહારભીમ’ છે. તેમની પાચનશકિત ગજબની છે. જયાં બસ ઉપર પહોંચ્યો. હજી અમારાં પ્રવાસીઓ આવવાં શરૂ થયાં ન હતાં, કારણ કે સામાન ઊતરતાં ઘણો સમય લાગતો હતો. એક વાર તો ગાંઠ છૂટી જવાથી કોઈ પ્રવાસીની બેગ સમુદ્રમાં પડી ગઈ અને ડૂબી ગઈ. ખબર નહીં પછીતે પ્રવાસીનું શું થયું ! અંતે બધાં પોતપોતાનો સામાન ઉપાડીને કે ઘસડીને બસ ઉપર આવવા લાગ્યાં. જેમ એરપોર્ટ ઉપર સામાન માટે લારીઓની વ્યવસ્થા હોય છે, તેમ અહીં પણ રાખવી જોઈએ, કારણ કે આટલો બધો સામાન ઉપાડીને બસ સુધી પહોચવું એ બહુ કપરૂ કામ હતું. મેં જોયું કે વેવાણ બે મોટા દાગીના ઉપાડીને આવી રહ્યાં છે. તરત જ બસમાંથી કાંતાબહેન દોડયાં અને જઈને તેમના હાથમાંથી એક ભારે સામાન ઉપાડી લીધો. મેં કહ્યું કે આવું પરોપકારનું કામ કરવા માટે તમને ધન્યવાદ આપવા જોઈએ, તો કાંતાબહેને મને જવાબ આપ્યો કે નર્મદાએ ઘણીવાર મને મદદ કરી છે, એટલે હું તેને મદદ કરૂ તેમાં મોટી વાત ન કહેવાય. ખરેખર આવા પરગજુ વ્યવહારથી જ સંસાર રળિયામણો લાગે છે. જે લોકો કોઈને મદદ કરતા જ નથી, ચૂપચાપ બેઠાબેઠા જોયા કરે છે તેઓ પણ જીવે છે, પણ તેમના જીવનમાં સુગંધ નથી હોતી. કેટલીક વાર તો મદદ કરવાની તક આવ્યા છતાં મોઢું ફેરવી લેતા લોકો દુર્ગંધ મારતા હોય છે. ધીરેધીરે બસમાં બધાં ગોઠવાઈ ગયાં અને હોટેલના રેસ્ટોરન્ટમાં જાય અને જે રસોઈ હોય એના ઉપર એવો ઝપાટો મારે કે કર્મચારીઓ પણ જોતા જ રહી જાય. રોજની તેમની આ પ્રક્રિયાથી તેઓ આખા સંઘમાં પ્રસિદ્ધ થઈ ગયા છે. આમ તો પ્રત્યેક વ્યકિત પોતપોતાના આગવા વ્યકિતત્વથી થોડીઘણી પ્રસિદ્ધિ પામતો જ હોય છે, પણ આ ‘આહારભીમ’ તો બધે છવાઈ જ ગયા છે. જમ્યા પછી આજે બધાંને આઈસક્રીમ આપવાનો હતો. બધાં એકએક કપ આઈસક્રીમ લઈને ખાતાં હતાં. આ ભાઈ આઈસક્રીમના કપ હતા ત્યાં પહોંચ્યા અને પોતાની મોટી પ્લેટમાં ૧૦–૧૨ કપ ખાલી કરી દીધા. અને પછી મંડ્યા ઝાપટવા ! કર્મચારીઓ જોતા જ રહી ગયા. પણ કોઈ કશું બોલે નહીં, રોકે નહીં, કારણ કે રેસ્ટોરન્ટવાળાને આવા પણ અતિથિઓ કોઈકોઈ વાર આવી જતા હશે. પાછા ‘આહારભીમ’ એટલા સરળ કે પોતાના પરાક્રમની ઘોષણા ફરીફરીને બધાંને સંભળાવે. મારું એવું માનવું છે કે પારકા ઘરે આહારવિહાર અને વાણીમાં સંયમ રાખવો જોઈએ. રાજપૂતોમાં એવી પ્રથા હતી કે પુરૂષો જમવા બેસે તો એમને પરૂષો જ પીરસે. બહેનો ઓઝલમાં હોય અને જમનારા પુરૂષો બહુ આગ્રહ કરે તો જ અડધો રોટલો ખાય. ભૂખ હોય તોપણ વધારે ખાય નહીં, કારણ કે પોતાની ભુખાળવા જેવી છાપ ઊભી ન થાય. જોકે હવે ઘણું પરિવર્તન આવી ગયું હશે.



બાલમિત્રો,

તમે જોયું હશે કે એક નાનકડા બીજને ધરતીમાં વાવીએ પછી તે ઉગે છે. મોટું થાય છે. એમાં ફુલ–ફુલ આવે છે. આ થઈ ગતિ–જીવમાત્રને ઈશ્વરે આ રીતે કુદરતી ગતિ, વિકાસ આપેલ જ છે.



એમ બાળક જન્મે પછી તેનો પણ વિકાસ થતો રહે છે. શારીરિક અને માનસિક એને ગતિ કહે છે. જો આ ગતિ,વિકાસ અટકી ગયો તો શરીર અની મગજની ગતિ અટકી પડે છે. એટલે જ ઘણાં બાળકો શરીરની અને મગજની રીતે નબળાં હોય છે. એને માટે વ્યકિતએ માણસે કુદરતી ગતિ, વિકાસની સાથો સાથ વિચારવાની શકિત પણ પ્રભુએ આપેલ છે. વિચાર સાથે ગતિ થાય તો જીવન સાર્થક બને છે. જેને પરિણામે માણસ બુદ્ધિશાળી બને છે. સામાન્ય મનુષ્ય કરતાં તેવી વ્યકિત વિશિષ્ટ હોય છે.

બસ આમ દરેક બાળક પોતાનાં શારીરિક વિકાસની સાથે વિચાર શકિત ભલે તો તેનો વિકાસ વેગ પકડે છે. માટે આપણે વિકાસશીલ, વિચારશીલ બનવાનું છે.

બાલ એક્સપ્રેસ – પ્રિન્સીપાલ/ટ્રસ્ટી શ્રી રવજીભાઈ કાચા સાહેબ, શ્રી દિપક હાઈસ્કુલ, શ્રી ગ્રામ્ય રસ્કુલ–અમરેલી, મો.૯૪૨૮૧ ૫૭૭૯૨

## પાંચ પાલીની ખીરની વાર્તા

### બાલ કથાઓ – ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)



એક હતો કણબી ને એક હતી કણબણ. કણબી ઘણો જ ભલો હતો પણ કણબણ બહુ જ રાશી હતી.

એક વખત તેને ઘેર મહેમાન આવ્યા. કણબીએ મહેમાનને ઉતારો આપ્યો, માનપાન આપ્યાં ને બેસાર્યા.

ઘરમાં જઈને કણબણને કહ્યું: ‘અલી સાંભળ્યું કે ? આ મહેમાન આવ્યા છે. તું પાંચ પાલીની ખીર રાંધ, ત્યાં હાટેથી જો’તી જણસ લઈ આવું છું.’

કણબી ગામમાં ગયો. કણબણે પાછળથી પોતાનો ભાવ ભજવ્યો.

ચૂલો સંધરૂકયો ને માથે મોટા તપેલામાં આંધણ મૂકયું પછી આડોશીપાડોશીઓને ત્યાંથી ચાર પાલી માગી આવીને તેમાં પોતાના ઘરની એક પાલી ઉમેરી. પાંચે પાલીને ખાંડણિયામાં સાંબેલાથી ખાંડવા બેઠી.

મહેમાનો તો આ જોઈ દિંગ જ થઈ ગયા! તે તો વિચારમાં પડી ગયા કે આ બાઈ તે ગાંડી કે ડાહી ?તેમણે હળવેથી બાઈને પૂછયું: ‘હેં બાઈ! તમે રાંધતાં નથી, ચીંધતાં નથી ને આ પાલીઓને શું કામ ખાંડો છો ?

કણબણ કહે : ‘ભાઈ! મારો ઘરવાળો બહુ નખેદ છે. તમને આ પાલીના કટકાની ખીર ખવરાવશે, ને નહિ ખાઓ તો આ સાંબેલે સાંબેલે મારશે. મહેમાન આવે છે ત્યારે ઈ એમ જ કરે છે. કોણ જાણે કેમ રોયાને આવી જ ટેવ પડી છે. તમે સાંભળ્યું નો’તું મને ઈ પાંચ પાલીની ખીર કરવાનું કહી ગયા છે તે ?’

મહેમાનો મૂંઝાયા. કણબણ કંઈ કામે ઘરમાં ગઈ ત્યાંથી પોટલાં ઉપાડીને મહેમાન રસ્તે પડયા. કણબણ કહે : ‘હાશ! કાશ ગઈ. એટલા બધાને ખવરાવવું મટયું.’

ત્યાં તો ઉતાવળો ઉતાવળો કણબી ઘેર આવ્યો. કણબણને કહે : ‘ કયાં ગયા પેલા મહેમાન ?’

કણબણ કહે : ‘હું શું કરૂ ? એ તો રિસાઈને ચાલી નીકળ્યા.’

કણબી કહે : ‘પણ એટલું બધું શું થયું કે મહેમાન નાવ્યા જાય ?’

કણબણ કહે : ‘આ એમણે મારી પાસે સાંબેલું માંગ્યું ને મેં અભાગણીએ ના પાડી. એટલામાં તો એ ઊઠી નીકળ્યા. એમાં મારો શો વાંક ? કણબી તો હાથમાં સાંબેલું લઈને દોડ્યો. ગામ બહાર મળો ત્યાં આઘે એણે મહેમાનોને ભાળ્યા. મહેમાનોએ કણબીને સાંબેલું લઈને આવતો જોયો. કણબી સાંબેલું દેવા દોડયો એટલે મહેમાનો મારની બીકે ઊલટાના ભાગ્યા. મોઢા આગળ મહેમાનોને પાછળ કણબી !

કણબી રાડો પાડીને કહે : ‘એ ભાઈ ! ઊભા રહો ઊભા રહો, આ સાંબેલું લેતા જાઓ. રિસાઈને શું કામ ભાગી જાઓ છો ? તમારે માટે આણ્યું છે ?

મહેમાનો તો જીવ લઈને નાઠેલા. પાછું વાળીને જુએ જ શાના ?

છેવટે મહેમાનો થાકીને ઊભા રહ્યા. મહેમાન કહે : ‘ભાઈ! વગર વાંકે શું કામ અમને મારવા આવ્યો છે ?’

કણબી કહે : ‘મારવાનું શેનું ? તમે મારી ઘરવાળી પાસે સાંબેલું નો’તું માંગ્યું ? એણે આપવાની ના પાડી એટલે તમે રિસાઈને ચાલ્યા. લ્યો, તમારે સાંબેલું જો’તું હોય તો, કોણ ના પાડે છે ? આ એ જ દેવા આવ્યો છું.

મહેમાન કહે : ‘હવે રાખ, રાખ ! તારી ઘરવાળીએ અમને બરાબર કીધું છે કે જો પાંચ પાલીની ખીર ખાશો નહિ, તો આ સાંબેલાનો માર પડશે !’

પછી તો વાતનો ભરમ ઉઘાડો પડયો. કણબી મહેમાનોને ઘેર લઈ આવ્યો ને તેમને જમાડયા પછી કણબીએ નિરાંતે કણબણને તેના પિયર વળાવી.

## મોંઘામૂલો અધેલો

### ગાંધી–ગંગા (બે ભાગમાંથી પસંદ કરેલું આચમન) સંપાદક : મહેન્દ્ર મેઘાણી





ખાદીકામ માટે પૈસા ઉઘરાવવા ગાંધીજી ઓરિસ્સામાં યાત્રા કરી રહ્યા હતા.

એક સભામાં ગાંધીજી બેઠા હતા. ત્યાં એક અત્યંત ઘરડી બાઈ આવી. વાળ સફેદ પૂણી જેવા હતા. કમ્મર વાંકી વળી ગઈ હતી. સ્વયંસેવકો સાથે ઝઘડીને એ અંદર ગાંધીજી પાસે આવી પહોંચી હતી.

આપનાં દર્શન કરવાં છે કહીને એ ગાંધીજીને પગે લાગી અને પછી એણે એની ઓટીમાંથી એક અધેલો કાઢી ગાંધીજીના પગ આગળ મૂક્યો. પછી શાંતિથી એ ચાલી ગઈ.

બાઈએ અધેલો મૂક્યો તે ગાંધીજીએ તરત ઉપાડી લીધો અને પોતાની ઓટીમાં ખોસી દીધો.

બધો હિસાબ રાખનાર શેઠ જમનાલાલ બજાજ પાસે જ બેઠા હતા. કહે: એ અધેલો મને આપી દો.

ગાંધીજીએ કહ્યું : એ તમને નહીં આપી શકાય.

જમનાલાલજી : ચરખા સંઘના હજારોના ચેક હું લઉં છું અને આ અધેલાનો આપને વિસ નથી આવતો ?

ગાંધીજીએ કહ્યું : આ અધેલો તો મોંઘામૂલો છે. માણસ પાસે લાખો હોય તેમાંથી હજાર આપી દે એ મોટી વાત નથી. પણ આ ઘરડી, ગરીબ, ચીંથરેહાલ બાઈએ અધેલો આપ્યો તેનો જીવ કેટલો ઉદાર હશે! તેનો આ અધેલો તો કરોડો કરતાં વધારે છે.

**૧૭. પહેલા મારૂ માથું ફોડો !**

નાગપુરમાં મહાસભાનું અધિવેશન ચાલતું હતું. ગાંધીજી પોતાની ઝૂંપડીમાં વલ્લભભાઈ આદિ સાથે વાતો કરતા હતા. ઝૂંપડી બહાર એક મારવાડી દંપતી દર્શન માટે અંદર આવવા સ્વયંસેવક સાથે રકઝક કરતાં હતાં. વલ્લભભાઈએ જે હોય એને અંદર આવવા દેવા કહ્યું.

ત્યાં એક બીજો સ્વયંસેવક દોડતો આવ્યો અને બંગાળ છાવણીમાં તોફાન થવાના સમાચાર લાવ્યો. ગાંધીજી સફાળા ઊભા થયા. તાજી જ હજામત કરેલી. સૂર્યનાં કિરણો પડવાથી માથું ઝગતું હતું. નજીકમાં પડેલી ચાદર ખભે નાખીને એ ચાલી નીકળ્યા. ઘણી મહેનતે મહાત્માજીનાં દર્શન કરવા પામેલી પેલી બાઈ એમને જતા જોઈ બોલી : “આપ ઊભા રહો. મારે વાત કરવી છે.” એટલું કહી બાઈએ મહાત્માજીની ચાદરનો છેડો પકડયો. મહાત્માજી તો જવાની ઉતાવળમાં હતા. ચાદર ત્યાં જ છોડીને ચાલતા થયા. વલ્લભભાઈ મજાકમાં બોલી ઊઠ્યા : “આવે પ્રસંગે એ તો પોતડી પણ ફેંકીને દોડે.”

કડકડતી ઠંડીમાં ગાંધીજી બંગાળ છાવણીમાં પહોંચી ગયા. ત્યાં તો અદભુત રંગ હતો. ગાંધીજીના અસહકારના ઠરાવનો વિરોધ કરવા દાસબાબુ કલકત્તાથી ૨૫૦ જેટલા પ્રતિનિધિઓને પોતાને ખર્ચે નાગપુર લઈ આવ્યા હતા. શ્રી બેનરજી ગાંધીજીના ઠરાવના પક્ષમાં હતા. બંનેના માણસો વચ્ચે ટપાટપી થઈ હતી.ગાંધીજી એ ટોળામાં જઈ એક સ્ટૂલ ઉપર ઊભા થયા. બંગાળીઓ સિવાયના બધાને પહેલા તો ત્યાંથી જતા રહેવા કહ્યું અને પછી બંગાળીઓને કહ્યું : “તકરારનું મૂળ હું છું. માથું ફોડવું હોય તો પહેલું મારૂ ફોડો !’’

થોડી વારમાં બધા શાંત થઈ ગયા. દાસબાબુ સાથે એમણે ત્યાં જ ગુતેગો કરી. પરિણામ એ આવ્યું કે દાસબાબુ જે વિરૂદ્ધ હતા તેમને જ હાથે ઠરાવ રજૂ કરાવ્યો.

## ભારતના મહાન પુરૂષ

### ડો.પ્રફુલ્લચંન્દ્ર રોય (૧૮૬૧–૧૯૪૪)

ભારતના મહાન રસાયણવિદ્ ડો.પ્રફુલચન્દ્ર રાયનો જન્મ પૂર્વ બંગાળ એટલે કે અત્યારના બાંગ્લાદેશના રડેલી ગામના સમૃદ્ધ જમીનદાર હરિશ્ચંદ્ર રાયને ત્યાં ૨ અલગસ્ટ, ૧૮૬૧ના રોજ થયો હતો.

બેન્જિામન ફ્રેન્કલિનના જીવનચરિત્રથી એ ખૂબ જ રોમાંચ અનુભવી રહ્યા, જેણે માગી માગીને પુસ્તકો વાંચ્યા હતા અને એ જ માણસે વિદ્યુતની શોધ કરી હતી. આ પુસ્તક વાંચ્યા પછી કિશોર પ્રફુલ્લના મનમાં વૈજ્ઞાનિક બનવાનો વિચાર જન્મ્યો.

તેમણે B.Sc. પરીક્ષા



સફળતાથી પસાર કરી ૧૮૮૮માં કલકત્તા પ્રેસિડન્સી કાલેજમાં સહાયક પ્રોફેસર તરીકે નિયુકત થયા.

રસાયણશાસ્ત્રમાં નાઈટ્રાઈટ સંયોજનોના અભ્યાસ થકી વિમાં તેમની નોંધ લેવાઈ. એમણે મરક્યુરસ નાઈટ્રેટ નામના અસ્થાયી પદાર્થને પ્રયોગશાળામાં તૈયાર કર્યો. એમની શોધથી વિના રસાયણવિદો ચિકત બની ગયા. મરક્યુરસ નાઈટ્રેટ ઉપરાંત ડા.પ્રફુલ્લચંદ્રે એમોનિયમ નાઈટ્રેટ યેગિકો તથા એના વ્યુત્પાનો પર મેલિક અનુસંધાન કર્યુ. ડો.પ્રફુલ્લચંદ્ર રચિત ગ્રંથ ‘હિન્દુ રસાયણશાસ્ત્રનો ઈતિહાસ’ ભાગ ૧/૨ ભારતીય પ્રાચીન રસાયણશાસ્ત્ર પરના આ બન્ને ખંડો આધારભૂત અને પ્રમાણિત ગ્રંથો છે.

૧૪ જૂન, ૧૯૪૪ના દિવસે એમણે દેહ છોડી દીધો અને ઈશ્વરની પ્રયોગશાળામાં ચાલ્યા ગયા.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા વિદ્યાસભા સ્કૂલમાં રક્ષાબંધન પર્વની પરંપરાગત ઉજવણી કરવામાં આવી



અમરેલી, આજ રોજ શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવીજેમાંશ્રીમતીશાંતાબેનહરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી ભાઈઓ–બહેનો દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી, કેમ્પસમાં તમામ તહેવારો પારિવારિક ભાવના સાથે ઉજવવામાં આવે છે, આશરે ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ જોડાયા હતા. વિદ્યાર્થીઓનેવિદ્યાર્થીનીબહેનોએમીઠું મોઢું કરીરાખડીબાંધીશુભેચ્છાપાઠવી હતીતથાવિદ્યાર્થીભાઈઓમાટેતંદુરસ્ત રહે અને જીવનમાં ખુબ સફળતા મેળવે તેવી શુભકામનાઓ પાઠવી હતી. બહેનોએભાઈઓનેમીઠુંમોઢુંકરાવીને રાખડીબાંધવામાંઆવીહતી.જ્ઞાનશકિત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કુદરત ૪૦ ફૂટનીવિશાળરાખડીતેમજઅંગ્રેજીઅને મિશ્ર માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા ૩૫ ફૂટની રાખડી બનાવવામાં આવેલ જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. તમામ સુપરવાઈઝર,પ્રિન્સિપાલઅનેશિક્ષકોની હાજરીમાંઆપ્રસંગનીઉજવણીકરવામાં આવી હતી. શિક્ષિકા બહેનોએ પણ ભાઈઓને રાખડી બાંધી હતી. સંસ્થામાં ભારતીય સંસ્કૃતિ મુજબ વિદ્યાર્થીઓનું ઘડતર કરી સંસ્કારોનું સિંચન કરવા અને ધાર્મિકતા સાથે બાળકો પોતાની ઉચ્ચ કારકિર્દીઘડેતેવુંસર્વાંગીશિક્ષણનેમહત્વ આપવામાં આવે છે. આ રક્ષાબંધનના પવિત્ર પર્વની સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએશુભકામના પાઠવીહતી.

## ગાધકડા : ફુલીયાદાદા આશ્રમ ખાતે બ્રહ્મભોજન યોજાયું



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામે આજુબાજુના ગામમાંથી તેમજસ્થાનિકબ્રહ્મસમાજદ્વારાગાધકડા ફુલીયા દાદા આશ્રમ ખાતે વેદોકત મંત્રોચ્ચાર સાથે ભાસ્કરભાઈ જાનીદ્વારા વિધિ કરવામાં આવી હતી પૂર્ણ થયા બાદ બ્રહ્મભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રસાદ લઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૯૦ | ૯૯૦ |
| ૨ | તલ સફેદ | ૧૨૭૫ | ૧૮૦૦ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૩૯૦૧ |
| ૪ | તલ પીળા | ૧૮૭૧ | ૧૮૭૧ |
| ૫ | કપાસ | ૧૧૦૨ | ૧૧૦૨ |
| ૬ | બાજરો | ૩૬૧ | ૫૭૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૦૦ |
| ૮ | જુવાર | ૭૨૦ | ૭૫૧ |
| ૯ | મગ | ૧૫૧૦ | ૧૫૧૦ |
| ૧૦ | અડદ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૧૧ | તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ૧૩ | જીરૂ | ૨૫૦૦ | ૩૧૦૦ |
| ૧૪ | ચોળી | ૧૦૦૦ | ૧૧૩૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૦ | ૧૦૦૨ |
| ૨ | શિંગ મોટી | ૮૩૫ | ૧૧૨૧ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૩૯૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૬૧ |
| ૫ | તલ સફેદ | ૧૦૩૦ | ૨૨૦૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦ | ૪૦૧૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૩૫૦ | ૨૨૩૬ |
| ૮ | બાજરો | ૨૫૩ | ૩૬૫ |
| ૯ | જુવાર | ૩૧૦ | ૮૦૪ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૮૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૮૩ |
| ૧૨ | ચણા | ૯૩૦ | ૧૧૮૭ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૬૨ | ૧૨૨૧ |
| ૧૪ | સફેદ ચણા | ૮૩૦ | ૧૧૭૧ |
| ૧૫ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૮૬૬ |
| ૧૬ | ચોળી | ૫૨૦ | ૮૦૦ |
| ૧૭ | તુવેર | ૧૦૯૧ | ૧૨૩૫ |
| ૧૮ | કપાસ | ૯૯૦ | ૧૬૮૮ |
| ૧૯ | નવો કપાસ | ૫૨૦૨ | ૫૨૦૨ |
| ૨૦ | એરંડા | ૮૦૦ | ૧૨૬૬ |
| ૨૧ | જીરૂ | ૧૪૦૦ | ૩૩૭૫ |
| ૨૨ | ધાણા | ૮૬૫ | ૧૩૧૫ |
| ૨૩ | મેથી | ૬૭૦ | ૯૦૫ |
| ૨૪ | સોયાબીન | ૭૩૦ | ૯૧૨ |
| ૨૫ | સુવાદાણા | ૧૦૧૦ | ૧૦૧૦ |

## કુંકાવાવ : રામાણી હોસ્પિટલ ખાતે સોમવારે નેત્રનિદાન કેમ્પ યોજાશે

કુંકાવાવ, તા. ૮

કુંકાવાવમાં તા. ૧૧/૮/૨૫ને સોમવારના રોજ સવારના ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી નેત્ર નિદાન કેમ્પનું આયોજન અમરેલી રોડ પર આવેલી રામાણી હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટની રણછોડખાસ આશ્રમ હોસ્પિટલના ડોકટરની ટીમ દ્વારા આંખની તપાસ કરી નેત્રમણી મુકી આપવાનો નિઃશુલ્ક કેમ્પ યોજાશે. કુંકાવાવ તેમજ આસપાસના જરૂરતમંદ દર્દીને લાભ લેવા અનુરોધ કરાવી છે. આમ દર બે માસે નીયમીત યોજના મફત નેત્ર નિદાન કેમ્પમાં વડીલો વૃધ્ધો મોટી સંખ્યામાં લાભ લે છે દર્દીઓ આધારકાર્ડ સાથે આવવાનુ રહેશે. વધુ જાણકારી માટે કેમ્પ આયોજક મનુભાઈ ઉનડકટ મો. ૯૮૭૯૯ ૯૪૬૩૬ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં જાહેર માર્ગ ઉપર સ્ટ્રીટલાઈટ

અમરેલીની જનતાએ નાવિક બનીને અનેક આગેવાનોએ બેકારી, ગરીબી અને સમસ્યારૂપી કાંઠેથી લઈને વિકાસ, અમીરી, સતાનાં સિંહાસનરૂપી કોઈ વધારો થયો નથી.

અમરેલી શહેરની જનસંખ્યા આજે દોઢ લાખના આંક સુધી પહોંચી હોય છતાં દરરોજ પીવાનુ પાણી મળતુ નથી શહેરમાં આડેધડ દબાણ, બિસ્માર માર્ગો, રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બનવાની સાથે શહેરમાં રાજમાર્ગો ઉપરની સ્ટ્રીટ લાઈટ ઘણા મહિનાઓથી બંધ જોવા મળી રહી છે.

શહેરનાં રાજમાર્ગ ગણતા ચિતલ રોડ અને લાઠી રોડને નવા બનાવવાનુ કામ શરૂ હોવાથી એક તરફનો માર્ગ શરૂ હોય દિવસ–રાત દરમિયાન હજારો નાના–મોટા પસાર થતાં હોવા છતા ડીવાડર કે સાઈડની સ્ટ્રીટ લાઈટ બંધ જોવા મળે છે પાલિકાના શાસકો શહેરીજનોની સમસ્યાનુ કોઈ નિરાકરણ કરતા નથી.

પાલિકામાં ૧૦ દિસથી નવા ચીફ ઓફીસર આવ્યા છે છતાં પણ પાલિકાના વહીવટ દિનપ્રતિદિન વિવાદસ્પદ બની રહયો છે અને આગામી ૪–૫ મહિનામાં સતાપક્ષી ભાજપને શહેરીજનો પાસે મતની ભીખ માંગવા જવાનુ હોવા છતાં સતાના મદમાં અને શહેરીજનોમાં ધીરજ શકિત હોવાથી સતાપક્ષને પુનઃ સતારૂઢ થવામાં કોઈ મુશ્કેલી નહી આવે તેવુ લાગી રહયુ છે.

અમરેલીનાં ઉચ્ચ પદાધિકારીઓ અને અધિકારીઓ માત્ર સુચના, સલાહ અને માર્ગદર્શન આપીને આકરી કોઈ કાર્યવાહી કરતા નથી જિલ્લાનાં મુખ્યમથકની દોઢ લાખની જનસંખ્યા ભાજપ શાસિત પાલિકાની ત્રાહીમામ પોકારી ચુકયા હોય એકપણ મોટાગજાના નેતા જનતાની મદદ કરતા નથી તે હકીકત છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૩૭ | ૫૫૪ |
| ૨ | ચણા | ૧૦૫૫ | ૧૧૩૧ |
| ૩ | તુવેર | ૮૯૯ | ૧૧૫૦ |
| ૪ | તલ | ૧૭૯૫ | ૧૭૯૫ |
| ૫ | ધાણા | ૧૧૦૫ | ૧૨૯૫ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૨૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૨૦ |
| ૩ | તલ કાળા | ૩૨૦૦ | ૪૦૪૫ |
| ૪ | જીરૂ | ૩૧૦૦ | ૩૫૫૦ |
| ૫ | કપાસ | ૧૦૫૧ | ૧૬૪૬ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૯ | ૫૩૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૪૪ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૦૦ |
| ૯ | જુવાર | ૫૭૦ | ૭૨૦ |
| ૧૦ | મકાઈ | – | ૫૬૫ |
| ૧૧ | મગ | ૧૩૨૧ | ૧૬૫૧ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૨૭૧ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૧૨૧ |
| ૧૪ | તુવેર | ૯૦૦ | ૧૧૭૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૧૮૦ |

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા : ધુડિયાદાદા મંદિર અને સ્મશાન

આવતા લોકો તેમજ અંતિમયાત્રા પસાર થવામાં મુશ્કેલીઓ પડતી હતી તેમજ ધુડિયાદાદાના મંદિર તરફના માર્ગમાં પણ આજ રીતે બીનજરૂરી અડચણ દબાણ રૂપી હોવાનું પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના ધ્યાને રજુઆત આવતા તેઓ દ્વારા નગરપાલિકાની ટુકડીને આ તરફનો માર્ગ ખુલ્લો કરવાની સૂચના આપવામાં આવતા નગરપાલિકાની ટીમ કામે લાગી હતી અને સઘળો માર્ગ ખુલ્લો કરવામાં આવતા લોકોએ હાશકારો અનુભ્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું વડિયા ખાતે પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડનું

છે. આ ભુમી દાનમાં વડિયાના પરિવારનુ મોટુ યોગદાનની ખુશી પોતાના માદરે વતન એવા વડિયા અને આસપાસના વિસ્તારમાં પણ ખુબ જોવા મળી છે. અમરેલી જિલ્લા અને વડિયાની ખોડલધામ સમિતિ દ્વારા આ ઉદારદીલ ભુદાનના દાતા અને તેમના સમગ્ર પરિવારના સન્માનનો કાર્યક્રમ કૃષ્ણપરા સ્થિત પટેલ સમાજ વાડી ખાતે ગોઠવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિ, વડિયા ખોડલધામ સમિતિ, વડિયાના આસપાસના ગામોના આગેવાનો, વડિયા ગ્રામ પંચાયત, ચેમ્બર ઓફ કોમર્સ વડિયાની વિવિધ સંસ્થાઓ, મહિલા મંડળો દ્વારા ખુબ મોટી સંખ્યામાં સમગ્ર પરિવારનુ સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ સન્માન કાર્યક્રમની જાણ વડિયા વિસ્તારમાં થતા ગામે ગામથી લોકો ઉમટી પડયા હતા અને ભારે મેદની એકઠી થતા જગ્યા પણ ટૂંકી પડી હતી. તે આ ઉદારદીલ દાતા એવા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ અને તેમના પરિવાર પ્રત્યેની લાગણી અને લોકપ્રેમ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ દ્વારા જણાવાયું હતુ કે હું છેલ્લા ચાલીસ વર્ષથી સક્રિય રાજકારણમાં છુ, સાત વખત વિધાનસભાની ચૂંટણી લડયો છું ત્યારે લોકોએ મને ખુબ પ્રેમ આપી જીતાડયો હતો તેથી સમગ્ર અમરેલી જિલ્લો અને આસપાસના વિસ્તારનો હું ઋણી છુ એનું ઋણ ચૂકવવા માટે મારી સામે આ માનવ સેવા રૂપી કેન્સર હોસ્પિટલના નિર્માણ યજ્ઞમાં સેવા આપવાનો અવસર આવ્યો તેમાં મેં અને મારા પરિવારે ભુમીદાન આપીને મારા પરનુ તમામ સમાજના લોકોનું ઋણ છે એ હું કયારેય ચૂકવી શકુ તેમ નથી. આ કાર્યથી તે ઋણ ઓછું કરવાનો પ્રયત્ન કર્યો છે. આ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરનો લાભ સમગ્ર દેશ અને ગુજરાતના તમામ સમાજના લોકોને મળવાનો છે. ત્યારે એ કાર્યમાં ભૂમિદાન રૂપી ફૂલની પાંખડી આપવાનો અવસર આપવા બદલ ખોડલધામ ટ્રસ્ટનો પણ આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં વડિયા સ્વામિનારાયણ મંદિર અને શીવ મંદિરોના સંતો, વડિયા અને આસપાસના વિસ્તારના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનો, વિવિધ સંસ્થાના હોદેદારો અને લોકોએ હાજરી આપી હતી અને તમામ સમાજોએ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ અને તેમના પરિવારના સભ્યોનુ ફુલહાર, મોમેન્ટો અને શાલથી સન્માન કર્યુ હતુ. આ કાર્યક્રમની જાણ ગ્રામીણ વિસ્તારમાં થતા ઊંઘાડ પરિવારને વધાવવા માનવ મહેરામણ ઉમટતા પટેલ સમાજની વાડીનો મોટો હોલ પણ બેસવા માટે ટૂંકો પડયો હતો.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૩૯ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૯૦ | ૧૫૬૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૦૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૫ | ૧૭૫૫ |
| ૫ | તલ કાળા | ૨૪૧૦ | ૩૯૦૦ |
| ૬ | જીરૂ | ૨૯૫૦ | ૩૪૫૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ૮ | ચણા | ૧૦૧૬ | ૧૧૫૪ |
| ૯ | મગ | ૧૦૫૦ | ૧૨૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૪૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૨૫ |
| ૩ | શીંગદાણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૪ | મેથી | ૭૨૦ | ૭૨૦ |
| ૫ | તુવેર | ૮૦૦ | ૧૧૦૦ |
| ૬ | મગફળી | ૭૭૦ | ૭૭૦ |
| ૭ | ચણા | ૧૦૪૦ | ૧૧૫૫ |
| ૮ | ચણા સફેદ | ૧૦૪૦ | ૧૧૦૮ |
| ૯ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૬૦ |
| ૧૦ | મગ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૧ | શીંગફાડા | ૧૨૯૦ | ૧૨૯૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાની જીઆઈડીસીમાં રહેતા

નામના ૩૪ વર્ષિયને વતનમાં જવાની ખૂબ જ ઈચ્છા હોય અને ટીકીટનું બુકીંગ (કન્ફોર્મ) ન થતા તેમને મનમાં લાગી આવતા ગત તા. ૭ના બપોરે ૨ વાગ્યા પહેલા કોઈપણ સમયે બાબરા ગામે નીલવડા રોડ જી.આઈ.ડી.સી. નં.–૨ ખેડુત એગ્રીટેક કોટન પ્રોસેસ મીલની સામેની જગ્યામાં પોતે પોતાની મેળે પતરાના શેડ માટે ઉભા કરાયેલ લોખંડના પાઈપ સાથે કાથીની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું બ્રોડગેજ રેલ્વે નથી

હતી તેવી જ છે. જિલ્લામાં બ્રોડગેજ લાઈન હોવા છતાં લોકોની જરૂરિયાત મુજબની લાંબા અંતરની ટ્રેન નવી બનેલી જેતલસર લાઈનમાં આપવામાં આવતી નથી. અમરેલીમાં બ્રોડગેજનું બ્રીજ બનાવવાનું કામ પણ લાંબા સમયથી અટક્યું છે અને શરૂ થતું નથી.

આ અંગેની વિગતો આપતા અમરેલી મિશન બ્રોડગેજ સમિતિના પ્રમુખ રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું કે, અમરેલી શહેર અને જિલ્લામાં ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોને ફાયદો કરાવવાના હેતુથી લોકોના જાહેર હિતની ઘોર ખોદતી નેતાગીરીના કારણે આઝાદીના ૭૮ વર્ષ પછી પણ અમરેલી શહેર અને જિલ્લામાં લાંબા અંતરની ટ્રેનની સુવિધા પ્રાપ્ત થઈ શકતી નથી જેના કારણે આ જિલ્લાના વિકાસ અટકી ગયો છે.

અમરેલી જિલ્લા મથકમાં બ્રોડગેજ અને લાંબા અંતરની ટ્રેનો મળે તે માટે છેલ્લા ૩૫ વર્ષથી લોકો દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું હતું. અને અનેક વખત રજૂઆતો તેમજ આંદોલનના કાર્યક્રમમાં પણ આપવામાં આવ્યા છે. આમ છતાં પણ અમરેલી જિલ્લામાં લાંબા અંતરની પુરતી કનેક્ટિવિટી ન હોવાના કારણે જિલ્લાના વિકાસ થઈ શકતો નથી.

અમરેલીમાં આંદોલનના અંતે બ્રોડગેજની કામગીરી બે વર્ષ પહેલાં મંજુર કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયથી શહેરમાં આવેલા જુદા જુદા રેલવે ફાટક ઉપર બ્રિજ બનાવવાની કામગીરી શરૂ થવાની હતી. તે મહિનાઓ પછી પણ શરૂ થઈ નથી અને ક્યારે શરૂ થશે તે પણ નક્કી નથી. લાઠી રોડ ઉપર ઓવરબ્રિજ ક્યારે બનશે તે પણ નક્કી નથી. આ સિવિલ વર્કની કામગીરી પૂરી થાય તે પછી જ બ્રોડગેજ કન્વર્ઝેશન માટેનું ટેન્ડર બહાર પડે તેમ છે.

અમરેલી જિલ્લામાંથી પસાર થતી ઢસા જેતલસર રેલ્વે લાઈનને બ્રોડગેજમાં કન્વર્ટ કરવામાં આવી છે. આ લાઈન ઉપર લાંબા અંતરની ટ્રેન આપવા માટે લાંબા સમયથી સતત માગણીઓ કરવામાં આવતી હતી! તે પછી વેરાવળ થી બનારસની ટ્રેન આપવામાં આવી છે. અમરેલી જિલ્લાને આ ટ્રેન મળી તે સારી વાત છે. પરંતુ લોકોની માંગણી અને જરૂરિયાત મુજબની લાંબા અંતરની એક પણ ટ્રેન અમરેલી જિલ્લાને આ રૂટમાં આપવામાં આવી નથી.

અમરેલીમાં બ્રોડગેજ લોકાર્પણ સમયે ભાજપના નેતા દ્વારા પોતાના પ્રવચનમાં લીલીયામાં બ્રોડગેજ આવે એટલે અમરેલીમાં આવી ગઈ કહેવાય પછી અમારે અમરેલીમાં જોઈએ એવું વેન કરવાનું ન હોય, તેવું પ્રવચન આપવામાં આવ્યું હતું. પરંતુ અમરેલી જિલ્લામાં લાંબા અંતરની ટ્રેનની લોકોની જરૂરિયાત મુજબની કોઈ સુવિધા નથી છતાં આ રીતના પ્રવચન આપતા નેતાઓ હવે લોકોને ન્યાય આપવા માટે શોધ્યા પણ જડતા નથી.

**અમદાવાદ, દિલ્લી, મથુરા, અયોધ્યાની ટ્રેન આપો**

ઢસા જેતલસર રેલ્વે લાઈન ઉપર હાલમાં બનારસની ટ્રેન ચાલે છે પરંતુ તે અલગ રૂટમાંથી જ ચાલે છે જેમાં અહીંયા કોઈ પણ મહત્વના અને લોકો ઉપયોગ સ્ટેશન આવતા નથી. ભારતમાં અમદાવાદ થઈને દિલ્હી, મથુરા, અયોધ્યા, બનારસ સુધીની ટ્રેન આપવામાં આવે તો મહત્વના તમામ સ્ટેશનને આવરી શકાય તેમ છે અને લોકોને જરૂરિયાત તથા માગણી સંતોષાય તેમ છે.

**વેરાવળ હરિદ્વાર ટ્રેનની માગણી વર્ષોથી પેન્ડિંગ**

અમરેલી જિલ્લામાં લાંબા અંતરની ટ્રેનમાં સૌથી વધારે હરિદ્વારની માંગણી છે અને આ માટે અમરેલીના પૂર્વ સાંસદ દ્વારા પણ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી તે પછી સૌરાષ્ટ્રમાં હરિદ્વારની ટ્રેન અમરેલીના બદલે ભાવનગરને આપી દેવામાં આવી હતી. આ પછી ભાવનગરને હરિદ્વારની બીજી ટ્રેન પણ આપવામાં આવી છે. પરંતુ અમરેલી જિલ્લામાં પસાર થાય તે રીતે યાત્રાધામ સોમનાથથી હરિદ્વાર અથવા તો અયોધ્યા સુધીની લાંબા અંતરની ટ્રેન હજુ પણ શરૂ કરવામાં આવતી નથી.

**ચિત્તલ, લાઠીને જોડતી સુરત મુંબઈની દરરોજ ટ્રેન આપો**

ઢસા જેતલસર રોડગેટ લાઈનમાં અમરેલી જિલ્લામાં ચિતલ, લાઠી, કુકાવાવ, વડીયા વિસ્તારમાંથી પસાર થાય તે રીતે અમદાવાદ, સુરત અને મુંબઈને જોડતી ડેઈલી ટ્રેન આપવા માટે માંગણી કરવામાં આવી રહી છે. અને આ વિસ્તારના લોકોને અમદાવાદ, સુરત મુંબઈની સૌથી વધારે જરૂરિયાત હોવા છતાં પણ ટ્રેન ચાલુ કરવામાં આવતી નથી.

**અમદાવાદ માટે ટ્રેક હોવા છતાં પણ ઢંગની એકપણ ટ્રેન નથી**

અમરેલી જિલ્લામાંથી અનેક વેપારીઓ તથા નોકરીયાતો લોકો વગેરે અમદાવાદ આવતા જતા હોય છે અને સૌથી વધારે જરૂરિયાતોને અમદાવાદ આવવા જવાની હોય છે અને ખાનગી બસોમાં બેફામ રીતે ભાડા વસૂલવામાં આવે છે. અમરેલી જિલ્લામાંથી સુરત જતી ટ્રેનો અમદાવાદ ચાલે છે. પરંતુ તેનો ટાઈમ ટેબલ લોકોને ઉપયોગી નથી. અમરેલી જિલ્લામાંથી અમદાવાદની લોકો ખરીદી કરીને પરત ફરી શકે તે મુજબની ટ્રેન ચાલુ કરવામાં આવે તો અનેક વેપારીઓને મોટો ફાયદો થાય તેમ છે. લાંબા સમયથી માગણી કરવામાં આવતી હોય છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

**અમરેલીથી મુંબઈની ટ્રેન નથી, બસ પણ ચાલુ કરાવી શકતા નથી**

અમરેલી જિલ્લામાંથી હાલમાં મુંબઈની સપ્તાહમાં ત્રણ ટ્રેન ચાલે છે પરંતુ તે અમરેલી શહેરમાંથી પસાર થતી નથી. મોટાભાગે તેમાં લોકોને ટિકિટ મળતી નથી. અને ખાનગી વાહન ચાલે છે. જેમાં બેફામ રીતે ભાડામાં લૂંટફાટ કરવામાં આવે છે. અગાઉ મુંબઈ જવા માટે અમરેલીથી એક એસટી બસ ચાલતી હતી તે બંધ થઈ ગયા બાદ સતત માંગણી કરવા છતાં પણ અમરેલીના નેતાઓ મુંબઈ માટેની એક બસ પણ ચાલુ કરાવી શકતા નથી.

### ખેડૂતોનાં હિતમાં કામ કરતી સંસ્થામાં મહત્વનું સ્થાન

# અમરેલીનાં યુવા નેતા મનિષ સંઘાણીની NHRDFનાં ડાયરેક્ટર પદે નિમણુંક થઈ

## બાગાયતી પાકોની નિકાસને વેગ મળે તે દિશામાં કામ કરશે




અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષભાઈ સંઘાણીની રાષ્ટ્રીય બાગાયતી સંશોધન અને વિકાસ ફાઉન્ડેશન NHRDF (ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળ)ના ડાયરેકટર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીયબાગાયતીસંશોધનઅનેવિકાસ ફાઉન્ડેશન (NHRDF)નું કાર્ય ખેડૂતો, નિકાસકારો અને સંબંધિત અન્ય લોકોને બાગાયતી પાકોની ઉત્પાદકતા અને ગુણવત્તા સુધારવા માટે માર્ગદર્શન આપવાનું છે જેથી સ્થાનિક જરૂરિયાત માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ થાય અને દેશમાં ડુંગળી અને અન્ય નિકાસલક્ષી બાગાયતી પાકોની નિકાસને વેગ મળે તે દિશામાં આગળ વધે તેવી ખેડૂતો આશા સાથે શુભેચ્છા પાઠવી હતી.

### 'હર ઘર તિરંગા–હર ઘર સ્વચ્છતા'

# જિલ્લાની શાળાઓમાં રંગોળી સ્પર્ધાનું આયોજન થયુ શાળાના વિદ્યાર્થીઓ હર્ષોલ્લાસ સાથે સ્પર્ધામાં જોડાયા

## તિરંગા ક્વિઝમાં વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો



અમરેલી, તા. ૮

દેશના સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે સમગ્ર દેશ, રાજય અને અમરેલી જિલ્લો દેશભક્તિના રંગે રંગાશે.

સમગ્ર જિલ્લામાં 'હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તા.૧૦ થી તા.૧૨ ઓગસ્ટ દરમિયાન ગ્રામ્ય, નગર પાલિકા અને તાલુકા કક્ષાએ અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ વિભાગ હસ્તકની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તા.૦૬/૦૮/૨૦૨૫ થી તા.૧૨/૦૮/૨૦૨૫ સુધીના દિવસો દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

વિવિધ શાળાઓ ખાતે વિદ્યાર્થીઓએ રંગોળી સ્પર્ધા, તિરંગા વિષયક ક્વિઝ સહિતના કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ હર ઘર તિરંગા અભિયાનને વેગવંતુ બનાવ્યું હતુ.

દેશભક્તિના રંગોમાં રંગાયેલા બાળકોએ ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતાને બિરદાવતા અને સરહદ પરના જવાનોનો જુસ્સો વધારવા માટે શુભેચ્છાઓ પાઠવતા પોસ્ટ કાર્ડ મોકલ્યા હતા, તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### નાના ભુલકાઓથી લઈને ધો.૮ નાં બાળકો જોડાયા

# જાફરાબાદ : વાપાળીયા પ્રાથમિક શાળામાં દેશની સુરક્ષા કરતાં જવાનો માટે રાખડી બનાવાઈ

## તૈયાર થયેલ રાખડી કુરિયરથી રવાના કરાઈ



અમરેલી, તા. ૮

વાપાળીયા પ્રાથમિક શાળા બાળકો દ્વારા દેશની રક્ષા કરતા વીર જવાનો માટે પોતાને હાથે વિવિધ, સુંદર રાખડી બનાવી, બાલવાટિકાના નાના ભૂલકા થી લઈને ધોરણ ૮ મા અભ્યાસ કરતા બહેનોએ વિવિધ રંગબેરંગી, સુંદર રાખડી બનાવીને ભારતીય સરહદ પર રક્ષા કરતા વીર જવાનો રક્ષાબંધનના દિવસે પોતાના ઘરે જઈ શકતા નથી એમની બહેનો પણ ભાઈને રાખડી બાંધવા માટે આતુરતાથી રાહ જોતી હોય છે. તો ભારતીય જવાનોની નાની બહેનો બની પોતાના ભાઈની રક્ષા કરવા માટે રક્ષા કવચ રાખડી કુરિયર કરી હતી.

# ૯ ઓગસ્ટ, 'ભારત છોડો આંદોલન દિવસ'




અમરેલી, તા. ૮

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનાં વખતમાં ૮મી ઓગસ્ટ, ઈ.સ. ૧૯૪૨નાં દિને ગાંધીજી ધ્વારા કરાયેલા આહવાના પર "ભારત છોડો" આંદોલનનો આરંભ થયો હતો. આ આંદોલન ભારત દેશનાં લોકોને તુરંત આઝાદ કરવા માટે અંગ્રેજી શાસન વિરૂધ્ધ એક નાગરિક અવજ્ઞા આંદોલન (civil disobedience movement) હતું. ક્રિપ્સ મિશન (The Cripps mission)માં વિફળતા મળ્યા બાદ મહાત્માં ગાંધીએ બ્રિટિશ શાસનની વિરૂધ્ધમાં પોતાનું ત્રીજું મોટું આંદોલન છેડવાનો ફેંસલો કર્યો હતો. ઓગસ્ટ ૧૯૪૨માં શરૂ થયેલા આ આંદોલનને 'અંગ્રેજો ભારત છોડો' એવું નામ આપવામાં આવ્યું હતું. આ આંદોલનમાં સમગ્ર દેશ શામેલ થયો હતો. જેની અંગ્રેજ સરકાર પર ખુબ ઊંડી અસર પડી હતી. આ આંદોલન ભારતની આઝાદી માટે ખુબ મહત્વપૂર્ણ આંદોલન પુરવાર થયું હતું. આંદોલનની શરૂઆતમાં જ ગાંધીજીને તત્કાળ ગિરફતાર કરી લેવામાં આવ્યા હતા. આમ છતાં દેશ ભરના યુવા કાર્યકતાઓ હડતાળો અને તોડફોડ કરીને આંદોલન ચલાવતા રહ્યા હતા. સરકારી આંકડા મુજબ આ આંદોલનમાં ૯૦૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ૬૦ હજારથી વધુ લોકોની ધરપકકડ કરવામાં આવી હતી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખ્ત વલણ અપનાવ્યું હતું. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે સરકારને એક વર્ષથી પણ વધારે સમય લાગ્યો હતો. ભારત દેશ આઝાદ થયો તેને સાડા સાત દાયકાઓ જેટલો સમય થઈ ગયો છે. કેટલાય લોકોનો ભોગ લેવાયો રાષ્ટ્રમાં વસતા લોકોને એક સારી જિંદગી આપવા માટે આઝાદીનાં લડવૈયાઓએ અથાગ પ્રયત્નો કર્યા જેમાં 'હિંદ છોડો' આંદોલન ખુબ અગત્યનો ભાગ ભજવ્યો છે. વસ્તુત : આ મહાભોગે મળેલી આઝાદીનો આપણે કેવો અને કેટલો ઉપયોગ કરીએ છીએ તે વ્યકિતની પોતાની સમજ, શકિત અને વ્યવહાર પર નિર્ભર કરે છે. આઝાદીનાં આટલા વર્ષો પછી હજુ પણ આપણો દેશ ભ્રષ્ટાચાર, દુરાચાર, બેરોજગારી, મોંઘવારી જેવી બાબતોથી લઈને કોરોના જેવી અતિ ગંભીર બાબતોનો સામનો કરી રહ્યાં છે. આ કેટલે અંશે યોગ્ય છે? આ તમામ બાબતો કેટલા સમય સુધી આમ જ અવિરત ચાલ્યા કરશે. તેનો સંપૂર્ણ આધાર દેશનાં લોકો પર છે. જાગૃતિ જ સિધ્ધી મેળવવાનું એકમાત્ર ઉપાય છે. હું જ શું કામ આમ કરૂ ? શું હું એકલો બદલાવ લાવી શકું છું. મારા એકલાથી શું થઈ જશે આ તમામ વાતોને અલગ મુકીને ખરેખર કોઈ સચોટ દિશાની પસંદગી કરીને કાર્ય કરવું પડશે. આપણે એ કાયમ યાદ રાખવું જોઈએ કે દેશની આઝાદી માટેની લડત લડવા માટે સૌપ્રથમ આગળ આવેલા ગાંધીજી પણ એકલા જ હતા. આ ભારત છોડો આંદોલન દિવસ પર આપણે જાગૃત થઈને અને ભ્રષ્ટાચાર, દુરાચાર, મનની ખરાબીઓને છોડવી જોઈએ અને મોંઘવારી બેરોજગારી જેવા પડકારોનો દ્રઢતાથી સામનો કરવો જોઈએ.

# અમરેલી : તપોવન આશ્રમનાં તપસ્વીનાં જન્મદિનની ઉજવણી



અમરેલી, તા. ૮

અમરેલી સારહિ તપોવન આશ્રમના તપસ્વી ગીરીશભાઈ શાહના તા. ૬/૮/૨૦૨૫નાં રોજ જન્મ દિવસની ઉજવણી (સંસ્થા) દ્વારા કરવામાં આવેલ.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા – સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી.

આ અવસરે સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ખજાનચી સુરેશભાઈ શેખવા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ.

સારહિ પરિવાર વતી શાહ પરિવારનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# ગાધકડા માધ્યમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૮

ગાધકડા માધ્યમિક શાળામાં તા.૮/૮/૨૦૨૫ના દિવસે રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી જેનું આયોજન શાળાના શિક્ષિકા બહેનોએ કર્યુ હતું. ધો–૯ ની બહેનોએ ભાઈ–બહેનના પ્રેમનું સમૂહગીત ગાયું હતું. તથા ધો.૧૦ના વિદ્યાર્થીઓએ રક્ષાબંધનનું મહત્વ દર્શાવતું વકતવ્ય આપ્યું હતું શાળાના શિક્ષકો દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ધો.૯ અને ધો. ૧૦ની બહેનો દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુનો ઉપયોગ કરીને આકર્ષક રંગબેરંગી રાખડીઓ બનાવી હતી. જેનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય મલયભાઈ ભટ્ટે સમગ્ર કાર્યક્રમને બિરદાવ્યો હતો.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવન પ્રતિકાત્મક રક્ષાબંધનની ઉમંગ ઉત્સાહથી ઉજવણી



અમરેલી, તા. ૮

શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીમાં વિવિધ સાંસ્કૃતિક તહેવારોની ખૂબ જ આનંદના વાતાવરણમાં શ્રધ્ધા અને ભકિત–ભાવથી ઉજવણી કરવામાં આવે છે. રક્ષાબંધન નિમિતે હોસ્ટેલના વિદ્યાર્થીઓને મીની વેકેશન પડતું હોવાથી પ્રતીકાત્મક રક્ષાબંધનની શિક્ષિકા બહેનો દ્વારા વિદ્યાર્થીઓને રાખડી બાંધી, કંકુ–ચોખાનો ચાંદલો કરી, મો મીઠું કરાવીને ખૂબ જ ભાવાત્મક રીતે ઘર જેવા વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન એ સમગ્ર ભારતમાં ભાઈ–બહેનના પ્રેમના પ્રતીકરૂપ છે. આ તહેવાર આપણને બોધ આપે છે કે ભાઈ–બહેનનો સંબંધ નીરપેક્ષ છે. બહેન ભાઈના હાથે રાખડી બાંધીને ભાઈનું ક્ષેમ કુશળ ઈચ્છે છે. અને ભાઈ બહેનના રક્ષણનું વચન આપે છે. ભારતીય ઈતિહાસમાં માતા કુંતાએ અભિમન્યુને રક્ષાબંધન કર્યુ હતું. આ તહેવાર આપણને ભાઈ–બહેનના પ્રેમને આજીવન સંભાળવાની શીખ આપે છે. વિદ્યાર્થીઓમાં બાળપણથી જ આ ભારતીય પરંપરા પ્રત્યે ભાવ નિર્માણ થાય તેવા ઉમદા આશયથી આ તહેવારની પણ ઉજવણી કરવામાં આવી હતી. સુંદર આયોજન બદલ વિદ્યાર્થીઓએ અને શિક્ષકોને સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન દ્વારા ખૂબ ખૂબ શુભકામના પાઠવી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

### પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત સંભારણા દિવસ ઉજવાયો

# ચલાલા ખાતે સંસ્કૃત ગૌરવ યાત્રા અને અમરેલીમાં સંસ્કૃત સાહિત્ય સભા યોજાઈ

## સંસ્કૃતમાં શ્લોક ગાન, પ્રાર્થના, સુભાષિતો વગેરે રજૂ કરવામાં આવ્યાં



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં સંસ્કૃત સપ્તાહ અંતર્ગત ચલાલા ખાતે સંસ્કૃત ગેરવ યાત્રા અને અમરેલી ખાતે સંસ્કૃત સાહિત્ય સભા યોજાઈ હતી. આ ઉપરાંત જિલ્લાની પ્રાથમિક શાળા અને માપ્રયમિક શાળાઓમાં સંસ્કૃત સંભારણા દિવસ અંતર્ગત પ્રાર્થના સભા સંસ્કૃતમાં રાખવામાં આવી હતી.

શિક્ષણ વિભાગ અને ગુજરાત સંસ્કૃત બોર્ડ ગાંધીનગરની સૂચના અનુસાર અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા સંસ્કૃત સપ્તાહ અંતર્ગત ત્રિ દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તા.૦૬–૦૮–૨૦૨૫ના રોજ સંસ્કૃત ગેરવ યાત્રા, તા.૦૭–૦૮–૨૦૨૫ના રોજ જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળા કક્ષાએ સંસ્કૃતમાં પ્રાર્થના સભાની સાથે શ્લોક ગ્રંથ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આ સાથે તા.૦૮–૦૮–૨૦૨૫ના રોજ દીપક હાઈસ્કુલ ખાતે સંસ્કૃત વિષયના સંવર્ધન માટે સંસ્કૃત પ્રદર્શન અને સંસ્કૃત સાહિત્ય સભા યોજાઈ હતી. ચલાલા સંસ્કૃત શકિ ગુઢકુળના યજમાનપદ હેઠળ સંસ્કૃત ગેરવ યાત્રાનું ભીમનાથ મહાદેવ ખાતેથી શઢઆત કરવામાં આવી હતી. આ ગેરવયાત્રાને ગાયત્રી મંદિરના મહંત શ્રી રતિદાદા, નગરપાલિકાના પ્રમુખ શ્રી વાળાભાઈએ અને જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ગોહિલ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

આ ગેરવ યાત્રા ચલાલા ગામમાંથી ફરી હતી. આ યાત્રામાં સંસ્કૃત શકિ ગુઢકુળ, ગાયત્રી પ્રાથમિક અને માપ્રયમિક શાળાના વિદ્યાર્થીઓ, હરિબા મહિલા કોલેજની વિદ્યાર્થીનિઓ, ગ્રામજનો, સંતો અને રક્ષા શકિ સ્કૂલની વિદ્યાર્થીનિઓ જોડાઈ હતી. આ કાર્યક્રમમાં લગભગ ૫૦૦થી વધુ બાળકો અને ૨૦ થી ૨૫ ગ્રામજનો અને ૫૦ ગાયત્રી પરિવારના શિક્ષકો જોડાયા હતા.બીજા દિવસના કાર્યક્રમમાં, અમરેલી જિલ્લાની તમામ પ્રાથમિક શાળા અને તમામ માપ્રયમિક શાળ ાઓમાં સંસ્કૃત સંભારણા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ દિવસ દરમિયાન તમામ શાળાઓમાં પ્રાર્થના સભા સંસ્કૃતમાં યોજવામાં આવી હતી અને આ પ્રાર્થના સભામાં શ્લોક ગાન, પ્રાર્થના, સુભાષિતો વગેરે સંસ્કૃતમાં રજૂ કરવામાં આવ્યાં હતા.

ત્રીજા દિવસના કાર્યક્રમમાં, સંસ્કૃત સાહિત્ય સભાનું આયોજન અમરેલી દીપક હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી કુલપતિના અપ્રયક્ષ સ્થાને સાહિત્ય સભા યોજાઈ હતી. જેમાં અમરેલી જિલ્લાના લગભગ ૧૫૦ જેટલા સંસ્કૃત રસિક શિક્ષકો આચાર્યો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજિત સાહિત્ય સભામાં સંસ્કૃત પ્રદર્શનની પણ ગોઠવવામાં આવી છે, જેનો પણ બહોળી સંખ્યામાં લોકો – વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે, તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકાર શ્રી ગોહિલે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### શાળાના પ્રમુખ કાળુભાઇ ગેલાણીની ઉપસ્થિતિમાં

# બાબરામાં વી. એલ. ગેલાણી વિદ્યાલયમાં રક્ષાબંધનના તહેવાર ઉજવણી

## બહેનો દ્વારા રાખડી બાંધી શુભેચ્છાઓ પાઠવી



બાબરા, તા. ૮

બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં રક્ષાબંધનના તહેવારની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી શાળ ા પ્રમુખ કાળુભાઈ ગેલાણી પ્રમુખ કાળ ુભાઈ ગેલાણી, અચાર્ય ઈલાબેન મારકણા, કેમ્પસ ડાયરેકટર દિનેશભાઈ કુબાવત, સુપરવાઈઝર દયાબેન કરકર સહિતના શાળાના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

અહીં શાળાના મેદાનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેન રક્ષાબંધન પવિત્ર તહેવારની ઉજવણીમાં જોડાયા હતા અને શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા વિદ્યાર્થી ભાઈઓને કલાઈ પર રાખડી બાંધી શુભેચ્છાઓ આપો હતી અને ભાઈઓ તરફથી બહેનોને ગિફટ આપી હતી. શાળાના પ્રમુખ કાળુભાઈ ગેલાણીને શાળા પરિવારની બહેનો અને વિદ્યાર્થીનીઓ રાખડી બાંધી શુભેચ્છાઓ આપી હતી અને તમામ કાળુભાઈ તરફથી ગિફટ આપવામાં આવી હતી.

# લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયાએ ગામડે–ગામડે જઈ સરપંચનુ કર્યુ સન્માન



લાઠી–બાબરાના ધારાસભ્ય જનક તળાવીયાએ પોતાના મતવિસ્તારમાં એક અનોખી પહેલ કરી છે. તેઓ વિવિધ ગામોની મુલાકાત લઈ નવનિયુક્ત સરપંચોનું સન્માન કરી રહ્યા છે અને ગામની સમસ્યાઓ સાંભળી તેનું નિરાકરણ પણ લાવી રહ્યા છે. ધારાસભ્યએ આ પહેલ દ્વારા માત્ર સરપંચોને સન્માનિત જ નથી કર્યા, પરંતુ દરેક ગામમાં જઈને ગામના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવી તેના પ્રમાણપત્રો પણ અર્પણ કર્યા છે. આ કાર્યક્રમ દરમિયાન તેઓ ગામલોકો સાથે સીધો સંવાદ સાધી રહ્યા છે અને તેમના પ્રશ્નો, રજૂઆતો અને સમસ્યાઓ સાંભળી રહ્યા છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોના વિકાસને વેગ આપવાનો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વધુ મજબૂત કરવાનો છે. સરપંચોને સન્માનિત કરીને તેમનું મનોબળ વધારવામાં આવ્યું છે. જયારે સીધા લોકો સાથે વાતચીત કરીને તેમની જરૂરિયાતોને વધુ સારી રીતે સમજી શકાય છે. આ પહેલને કારણે સ્થાનિક લોકોમાં ખુશી અને સંતોષની લાગણી જોવા મળી રહી છે. લોકોનું માનવું છે કે ધારાસભ્ય દ્વારા આ પ્રકારની પહેલ કરવાથી સરકારી યોજનાઓ અને વિકાસ કાર્યો વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચશે. આ પહેલ અન્ય ધારાસભ્યો માટે પણ પ્રેરણાદાયક બની રહી છે.

આંખની કીકીના નિષ્ણાંત ડો.તન્વી કામોઠી....
૯/૮/૨૦૨૫–શનિવાર, રક્ષાબંધન – ૧૬/૮/૨૦૨૫–શનિવાર, જન્માષ્ટમી હોવાથી
ઓગષ્ટ મહિના માટે નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ, અમરેલી વિઝિટ
બીજા રવિવારે ૧૦/૦૮/૨૦૨૫, રવિવારના દિવસે ૪ થી ૬ રહેશે.
સપ્ટેમ્બર મહિનાથી રેગ્યુલર બીજા શનિવારે નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ-અમરેલીમાં મળશે.



ડો. તન્વી કામોઠી
(MBBS. MS, FCORS)
આંખની કીકીના નિષ્ણાંત

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯, મો.૯૯૭૮૯ ૬૬૬૨૯

## ખોડલધામ ટ્રસ્ટને અતિ કિંમતી ૬૧ વિઘા જમીન અર્પણ કરાતા

# વડિયા ખાતે પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડનું અનેરૂ સન્માન

**ખેડૂત નેતાને ભામાશાનું બિરૂદ આપીને મોટી જનમેદનીએ કર્યુ સન્માન**

**કેન્સર હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર બનાવવા માટે જમીન અર્પણ કરી**

**રાષ્ટ્ર નિર્માણ અને કાર્યમાં યોગદાન આપવાની તક મળી તે બદલ આભાર માન્યો**

**પૂર્વ મંત્રીએ સન્માન કરવા બદલ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગામજનોનો આભાર માન્યો**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, ૮

ખોડલધામ ટ્રસ્ટ દ્વારા કાગવડ ખાતે ભવ્ય મંદિર નિર્માણ કરી પાટીદાર સમાજની એકતા સાથે ધાર્મિક, શૈક્ષણિક, ખેતી અને આરોગ્ય ક્ષેત્રે કામગીરી કરી સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં મદદરૂપ થવાના ઉદેશ્ય સાથે આ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી. તેથી જ આ ટ્રસ્ટ દ્વારા નિર્મિત ખોડલધામમાં મંદિરની ધજા કરતા પણ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. આ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા હાલ રાષ્ટ્રપ્રેમી ટાટા જુથ સાથે સંકલન કરીને વર્લ્ડ કલાસ આધુનિક કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના નિર્માણ અર્થે કામગીરી શરૂ કરી છે. આવનાર સમયની મહામારી એ કેન્સરને ગણવામાં આવે છે. ત્યારે સમગ્ર દેશના લોકોને રાહતદરે ઉચ્ચકક્ષાની સારવાર મળી રહે તે માટે વર્લ્ડ કલાસ કેન્સર હોસ્પિટલના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. આવા ઉમદા હેતુથી સતત ૬ ટર્મ સુધી ધારાસભ્ય રહી ચૂકેલા વડિયાના પનોતા પુત્ર એવા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ અને તેમના પરિવાર દ્વારા લોકોના ઋણને ચૂકવવા માટે આ લોકસેવાના યજ્ઞમાં ૬૧ વીઘા જમીનનુ દાન કર્યું છે. ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રમાં પૂર્વ મંત્રી બાવકુ ઊંઘાડ અને તેમના પરિવારની એક ભામાશા તરીકેની છબી ઉભરી આવી હોય તેમ લોકો તેમને સન્માનિત કરતા જોવા મળ્યા

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિકોએ વ્યાપક પ્રમાણમાં દબાણ કરતાં

# બાબરા : ધુડિયાદાદા મંદિર અને સ્મશાન તરફ માર્ગમાંથી અડચણ દૂર કરવામાં આવી

**પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરની સુચનાથી કામગીરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરામાં ધુડિયાદાદા મંદિર તરફ તેમજ સ્મશાન જવાના માર્ગ પર આસપાસના રહીશો દ્વારા બિન જરૂરી ભંગાર તેમજ રેતી કપચીના ઢગલા, બ્લોક ગોઠવી ઓટલા બનાવી દેતા માર્ગ સાંકડો બની ગયો હતો. જેના કારણે અહીં અંતિમયાત્રામાં આવતા

અનુસંધાન પાના ૬ ઉપર




## બપોરનાં સમયે યુવક ન્હાવા જતાં બનાવ બન્યાનુ અનુમાન

# અમરેલીનાં ગોખરવાળા અને દેવળિયા ગામ વચ્ચે આવેલ શેત્રુંજી નદીમાં ડુબી જવાથી શ્રમિક યુવકનુ મોત

**ફાયર ટીમે ૩ કલાકની જહેમત બાદ યુવકનો મૃતદેહ બહાર કાઢયો**



અમરેલી, તા. ૮

અમરેલી ખાતે આવેલ ફાયર કંટ્રોલ રૂમમાં કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા આજે બપોરના સમયે ૩–૧૫ કલાકે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ હતી કે, અમરેલી સાવરકુંડલા વચ્ચે આવેલ ગોખરવાળા અને દેવળીયા ગામની વચ્ચે આવેલ શેત્રુંજી નદીના અંદરના ભાગમાં કોઈ અજાણી વ્યક્તિ ડૂબી જવા પામેલ છે.

આ ઘટનાની જાણ થતા જ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ ને થતાં જ ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી. અને અંદાજિત ત્રણ કલાકની ભારે જહેમત બાદ આ શેત્રુંજી નદીના અંદરના ભાગમાં ડૂબી ગયેલ વ્યક્તિઓનું રેસ્ક્યુ કરી આ યુવકની લાશ બહાર કાઢી હતીટ અને પોસ્ટમોર્ટમ અર્થે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સોપેલ હતી. આ ઘટનામાં પ્રાથમિક તપાસ કરતા મૃતકનું નામ મુકેશભાઈ કટારા નામના વર્ષ ૩૫ વર્ષિય પરપ્રાંતિય શ્રમિક યુવક હોવાનું જાણવા મળેલ છે.

આ રેસ્ક્યુની કામગીરી કરનાર ફાયર સ્ટાફના સાગરભાઈ પુરોહિત, ઋત્વિકભાઈ ભીમાણી, ભુરીયા જગદીશ, કૃષ્ણભાઈ ઓળકિયા, મિલનભાઈ ગાંભવા, ગોહિલ શક્તિસિંહ, ચૌહાણ અનિરૂધ્ધસિંહ વગેરે જોડાયા હતાં.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ७७२९૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

## શ્રી સંતોકબા મેડિકલ સેન્ટર, લાલજીદાદાનો વડલો ખાતે

# લાઠી ખાતે અગિયાર દિવસીય શ્રાવણી સત્સંગમાં આજે વિશેષ કાર્યક્રમ

**સાંજના ૩ થી ૬ કલાકે વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાશે**

લાઠી, તા. ૮

શ્રી સંતોકબા મેડિકલ સેન્ટર, લાલજીદાદાનો વડલો, લાઠી ખાતે ચાલી રહેલા અગિયાર દિવસીય શ્રાવણી સત્સંગ અંતર્ગત આવતીકાલે, તા. ૦૯ ઓગસ્ટ ૨૦૨૫, શનિવાર, સાંજના ૩ થી ૬ કલાકે વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે પ્રખ્યાત ધાર્મિક વક્તા નરેશભાઈ સાગર દ્વારા શ્રી રામચરિતમાનસ વિષય પર સત્સંગનું સુંદર વક્તવ્ય આપવામાં આવશે. સત્સંગ સાથે સંગીતના મધુર સ્વરોમાં રામાયણના મહિમાનું ગાન પણ ભક્તિભાવથી રજૂ કરવામાં આવશે, જે શ્રોતાઓને આધ્યાત્મિક આનંદ આપશે.

આ ધાર્મિક કાર્યક્રમમાં ભક્તજનો અને શ્રદ્ધાળુઓને મોટી સંખ્યામાં હાજરી આપવા આયોજક સમિતિ દ્વારા વિનંતી કરવામાં આવે છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)